# ફૂલવાડી



'અંતરના ઉપવનમાં જે ભાવો ને વિચારોના ફૂલ ખીલી ઉઠ્યાં,
તેમનું આ એક નાનું સરખું અથવા આછું પાતળું પ્રતિબિંબ છે.'

## - શ્રી યોગેશ્વર

## NOTICE

**સર્વ હક્ક લેખકને સ્વાધીન**

**All rights reserved by Author**

The content of this e-book may be used as an information resource. Downloading or otherwise transmitting electronic copies of this book or portions thereof, and/or printing or duplicating hard copies of it or portions thereof is authorized for **individual non-profit use ONLY**. Any other use including the reproduction, modification, distribution, transmission, republication, display or performance of the content of this book for commercial purposes is strictly prohibited.

Failure to include this notice on any digital or printed copy of this book or portion thereof; unauthorized registration of a claim of copyright on this book; adding or omitting from the content of it without clearly indicating that such has been done; or profiting from transmission or duplication of it, is a clear violation of the permission given in this notice and is strictly prohibited. Violators will be prosecuted.

Permission for use beyond that specifically allowed by this notice may be requested in writing from Swargarohan, Danta Road, Ambaji (North Gujarat) INDIA.

*



E-book

| | |
|---|---|
| Title | : Phoolwadi |
| Language | : Gujarati |
| Version | : 1.0 |
| Pages | : 112 |
| Created | : June 09, 2010. |

*

## NOTE

This e-book is a manifestation of our humble effort to present Shri Yogeshwarji's literary work in digital format. Due care has been taken in preparing the material of this e-book from its original print version. (First Edition: Jan 1961; Publisher: Sarvoday Mudranalay, Po. Sadara, State: Dabhoda) However, if you find any error or omissions, please let us know. We welcome your comments.

* * *

## પુરોવચન



અનંતસૂર પછીનો એ પ્રકારની રચનાઓનો આ બીજો સંગ્રહ સાહિત્યરસિક જનતાની આગળ રજૂ કરતાં મને આનંદ થાય છે. આ રચનાઓની શૈલી મોટે ભાગે વાર્તાની છે. એટલે સામાન્ય રીતે એમનો સાર અથવા તો ભાવાર્થ સમજવામાં સરળતા થશે એમ માનું છું.

આ સંગ્રહનું નામ સાવ સહેલું છે – ફૂલવાડી. વિચારો ને ભાવોની આ એક નાની સરખી ફૂલવાડી છે. અંતરના ઉપવનમાં જે ભાવો ને વિચારોના ફૂલ ખીલી ઉઠ્યાં છે, તેમનું આ એક નાનું સરખું અથવા આછું પાતળું પ્રતિબિંબ છે. ફૂલવાડીમાં વિવિધરંગી ફૂલ હોય તે પ્રમાણે આ સંગ્રહમાંની રચનાઓ પણ જુદી જુદી જાતની છે. તે ફૂલની પેઠે ફોરમવંતી છે કે નહિ તે તો રસિકો જ કહી શકશે. કોઈને તે આનંદ, શાંતિ ને તાજગી આપશે તો પણ ઘણું.

સાહિત્ય મારે મન જીવનના અરુણોદયથી જ આત્મવિકાસનું એક અક્સીર સાધન રહ્યું છે. આત્માનુભવને પ્રકટ કરવાના વાહન અથવા તો માધ્યમ તરીકે પણ તેણે કામ કર્યું છે. સાહિત્યનું સર્જન મારે સારુ શરૂઆતથી જ સહજ બન્યું છે: એમ કહો કે મારા જીવનનું એક અત્યંત અગત્યનું, અવિભાજ્ય અંગ થયું છે. એણે મને મૂંઝવણની ક્ષણોમાં શાંતિ આપી છે, ને પ્રેરણા પૂરી પાડી છે. બધે જ વખતે ને બધે સ્થળે એ મારે માટે આશીર્વાદરૂપ થયું છે.

મારા પ્રથમ સંગ્રહ અનંતસૂરને વાંચ્યા પછી એક વિદ્વાન સમીક્ષકને ટાગોરની શૈલીની સ્મૃતિ થયેલી. તેમણે મને તે વિશે વિસ્તારથી કહેલું પણ ખરું. ફૂલવાડીને જોયા પછી એક બીજા સાહિત્યરસિક ભાઈને જીબ્રાનનું સ્મરણ થઈ આવેલું. અમુક એક જ તીર્થના જુદા જુદા પ્રવાસીના પડાવ જેમ એકસરખા આવે છે, તેમ જુદા જુદા લેખકોની શૈલી કેટલીકવાર મળતી આવે છે. એમના વિચારો ને ભાવોની અભિવ્યક્તિમાં પણ કોઈ વાર સમાનતા જેવું લાગે છે. એ એક હકીકત છે. મને પોતાને લાગેવળગે છે ત્યાં સુધી આવી રચનાઓ તૈયાર કરવાની ટેવ મને બહુ નાની વયથી જ પડી હતી. આવી રચનાઓ કોઈ પ્રખ્યાત કવિના સાહિત્યવાચનના પરિણામરૂપે પેદા નથી થઈ. આ રચનાઓને સાહિત્યની દૃષ્ટિથી જ મૂલવવાની વિનતિ છે.

આ સંગ્રહને પ્રસિદ્ધ કરવામાં નવયુગ પુસ્તક ભંડારવાળા શ્રી જમનાદાસભાઈએ આપેલો સહકાર નોંધપાત્ર છે. એની નોંધ લેતા મને આનંદ થાય છે. રાજકોટ સુધરાઈના પ્રમુખ શ્રી ચંપકભાઈ વોરાએ એ માટે બતાવેલા ઉત્સાહ માટે એમને પણ અભિનંદન આપું છું.

- **યોગેશ્વર**

માર્ચ ૧૯૬૦, નડીયાદ.

## અનુક્રમ




૧. કવિ ને કવિતા
૨. સંવેદન
૩. દાઢી ને પ્રેમ
૪. ઉપદેશ ને ઉપદેશક
૫. આપણું અવતરણ
૬. સાધનાની સિદ્ધિ
૭. ગંગાકિનારાની કથા
૮. ચિતાનું ચિત્ર
૯. સંપત્તિની લૂંટ
૧૦. તમારો ને મારો સંબંધ
૧૧. બે બાળકો
૧૨. કેશ વિનાની સંન્યાસિની
૧૩. લાયકાત
૧૪. લક્ષ્મી
૧૫. ઝરણનો સંદેશ
૧૬. તપસ્વીની પ્રાર્થના
૧૭. જીવનદાન
૧૮. ઈશ્વરનો મહિમા
૧૯. મંદિરની ગાયિકા
૨૦. લોકોપવાદ
૨૧. જ્ઞાન ને સુખ
૨૨. નમસ્કારનો નશો
૨૩. પ્રભુ ને પ્રભુની પૂજા
૨૪. કલાનો હેતુ
૨૫. કવિ ને વરસાદ
૨૬. સિદ્ધિ
૨૭. બાળકની માગણી
૨૮. દૃષ્ટિનો દોષ
૨૯. વાદળનો સંદેશ
૩૦. વિરક્તિ
૩૧. સાધક ને શરીર
૩૨. કેરીનો સ્વાદ
૩૩. પાપીનો તિરસ્કાર
૩૪. સૌંદર્ય ને ગુમાન
૩૫. પ્રભાતની પ્રાર્થના
૩૬. સાચી સાધના
૩૭. જીવનનું ધ્યેય
૩૮. સિદ્ધિની કામના
૩૯. દર્શનની દવા
૪૦. મોટા ને નાના
૪૧. માનવ ને જનાવર
૪૨. આંખ ને વિકાર
૪૩. કુદરતની લીલા
૪૪. સંસારની શાંતિ
૪૫. વિનાશીમાં અવિનાશી
૪૬. ચલ ને અચલ પ્રેમ
૪૭. તૃણની કિંમત
૪૮. જ્યોતિર્ધરોની સ્મૃતિ
૪૯. દૈવી લોચન માટે પ્રાર્થના
૫૦. પ્રાર્થના
૫૧. મઢુલીની ચિંતા
૫૨. કિશોર ને કામિની
૫૩. જગદંબાની ઝાંખી
૫૪. પ્રભુની સ્તુતિ
૫૫. મહાપુરુષને પ્રણામ
૫૬. પ્રેમની પ્રાર્થના
૫૭. પૂર્વાગ્રહનો પાશ
૫૮. ઉંઘ અને ઈશ્વર

૫૯. લક્ષ્મીપૂજન
૬૦. લાકડા ને નાવ
૬૧. બંધનમાંથી મુક્તિ
૬૨. શાંતિની કીંમત
૬૩. સમાધિની ચિંતા નથી
૬૪. પ્રભુનો પ્રસાદ
૬૫. મહાપુરુષોનું મંડળ
૬૬. ઉપદેશની યોગ્યતા
૬૭. ફૂલની પ્રેરણા
૬૮. જીવદયા
૬૯. શ્રીમંતનું દાન
૭૦. સંત અને સમતા
૭૧. સુધારણા–પોતાની ને બીજાની
૭૨. દૃષ્ટિભેદ
૭૩. સર્વ સમર્પણનો સ્વામી
૭૪. સાચી શ્રીમંતાઈ
૭૫. મૃત્યુનો શોક
૭૬. ચંદ્રોદય
૭૭. કામની નિવૃતિ
૭૮. દ્વેષનો કાંટો
૭૯. ગુલાબ ને ધંતૂરો
૮૦. જ્ઞાન ને સંસાર
૮૧. સ્વધર્મનું પાલન
૮૨. રૂપકુમારી ને કવિ
૮૩. પ્રેમ ને પંડિતાઈ
૮૪. ત્યાગ ને શાંતિ
૮૫. જ્ઞાનની દૃષ્ટિ
૮૬. સૌંદર્ય ને મોહ
૮૭. દીપક ને બાળક
૮૮. સાચો શ્રીમંત
૮૯. હીરાનું દાન
૯૦. મંદિરનો દીવો
૯૧. સાચો સંન્યાસ
૯૨. પારસ
૯૩. સેવાનો સંદેશ
૯૪. ધૂણી
૯૫. પાપ ને પ્રકાશ
૯૬. સાચી પૂજા
૯૭. જીવનની તાલીમ
૯૮. વૃદ્ધ ને યુવાન
૯૯. બાળકની બોલી
૧૦૦. લગ્નની સમસ્યા
૧૦૧. શુદ્ધિની સાધના
૧૦૨. વાણી ને વર્તન
૧૦૩. જીવનનું લક્ષ્ય
૧૦૪. શિશુની સરલતા




* * *

## ૧. કવિ ને કવિતા

લોકો મને કવિ કહે છે, પણ તેમને ખબર નથી કે સાચો કવિ તો બીજો જ છે. હું તો કેવળ વાંસળી છું, ને તે છે વગાડનારો. તેના સ્વર ઘણાં જ સુરીલા, શાંતિભર્યા ને રસાળ છે.

પણ લોકોને તેની ખબર નથી. અરે, ભલભલા પંડિતો ને ભેદપારખુને પણ ખબર નથી.

આપણી કવિતા કોઈ શબ્દોનો સંગ્રહ નથી: કલ્પનાની કલા કે લેખનનો મીઠો વ્યવસાય પણ નથી. તે તો સાધના છે. તને ને મને એક કરનારી સ્નેહસાંકળની કડી છે. જ્યારે તારી ઈચ્છા હોય છે ત્યારે જ તે પ્રકટે છે, ને તું આલાપે ત્યારે જ આલાપમાં અવતરે છે.

માટે જ જે મને કવિ કહે છે તેને મારે કહેવું પડે છે કે સાચો કવિ હું નહિ પણ તું છે. તેમને ભલે ખબર ના હોય, તો પણ તું છે. મારી ને સમસ્ત સંસારની કમનીય કવિતાને કરનાર કેવળ તું છે !

* * *

## ૨. સંવેદન

ગંગાતટના એકાંત અરણ્યમાં ગીચ ઝાડીની વચ્ચે બે પર્ણકુટિ હતી. તેમાં એક સંન્યાસિની માતા પોતાની પુત્રી સાથે રહેતી હતી. માતા ઘણી પરગજુ, પ્રેમાળ ને પવિત્ર હતી.

કુદરતના ક્રમ પ્રમાણે એક વાર તેનું મૃત્યુ થયું. ને પેલી પ્રૌઢાવસ્થાએ પહોંચેલી પુત્રીના જીવન પર જાણે પાણી ફરી વળ્યું. તેણે રુદન કરવા માંડ્યું. ને તેની રાત્રી અખંડ જાગરણમાં વીતવા માંડી. તેનું જીવન વેરાન ને વિશેષતા વિનાનું બની ગયું.

ગંગાતટના એકાંત અરણ્યમાં બીજી તરફ એક બીજી પર્ણકુટી હતી. તેમાં એક યુવાન વૈરાગી તેના પિતા સાથે રહેતો હતો. પેલી કુમારી તેની પાસે શાંતિની આશાએ જવા માંડી. તેણે સંસારની અસારતાના ઉપદેશક બનીને સખત વદનથી કહેવા માંડ્યું : 'અરે બેન, મૃત્યુ એવું જ નિશ્ચિત છે, તેનો શોક કરવામાં શાણપણ નહિ પણ દુર્બળતા છે.' પણ કુમારીનો શોક ચાલુ જ રહ્યો.

દિવસો પછી એક વહેલી પ્રભાતે તે યુવાન વૈરાગીના પિતાને દૂરના દેશમાં જવાનું થયું. ને યુવાન એકલો પડ્યો. એ હવે વારંવાર પેલી કુમારીની પાસે જવા માંડ્યો. એના લેવાઈ ગયા જેવા વદનને જોઈને કુમારીને લાગણી થઈ આવી. તેણે કહેવા માંડ્યું કે: 'માણસ કાંઈ પત્થર થોડો જ થઈ શકે છે ? માણસને પત્થર નથી બનાવ્યો તેનું કારણ એ જ કે ઈશ્વરે તેની પાસેથી લાગણીની આશા રાખી છે !'

એ દિવસે પહેલી જ વાર કુમારીએ નિર્ભય બનીને મુક્ત રીતે રડવા માંડ્યું, ત્યારે યુવાને તેને આશ્વાસન આપતાં કહ્યું કે : 'મૃત્યુનો શોક મિથ્યા છે, પણ સ્નેહનાં આંસુ મિથ્યા નથી. મારા પિતા તો થોડા દિવસને માટે જ દૂર દેશમાં ગયા છે. પણ તારી માતા તો કાયમને માટે વિદાય થઈ છે. તેની મમતાને યાદ કરીને રાહત મેળવવાનો હક તને કેમ ના હોઈ શકે ? વિષાદને પી જઈને તું તેના પ્રેમને અંજલિ આપે તો તારાં આંસુ મિથ્યા નથી.'

* * *

## ૩. દાઢી ને પ્રેમ

ફૂલોની ફોરમની ભરપૂર એવા એકાંત ઉદ્યાનમાં બે પ્રેમીઓ એકમેકને અઢેલીને બેઠાં હતાં. સમીપમાં જ સરોવર હતું ને તેમાં કમળો ખીલી ઊઠ્યાં હતાં. એકાંત ઉદ્યાનમાં એવી જ રીતે ખીલી ઊઠીને બે પ્રેમીઓ પ્રેમાલાપ કરતાં બેઠાં હતાં.

સ્ત્રીએ કહ્યું: ‘તમે મારા પ્રાણ છો, દેવ છો, ને મને ખૂબ ખૂબ પ્રિય છો.’ ને પુરુષની ચરણરજને તેણે અંતરના ઉમળકાથી પોતાને માથે ચઢાવી દીધી. પુરુષે પ્રસન્નતામાં ડૂબી તેને સુધામય શબ્દોથી ભીની કરી.

‘આપણો પ્રેમ આવો જ રહેજો.’ સ્ત્રીએ કહેવાનું શરૂ કર્યું : ‘તમારા વિના હું લેશ પણ જીવી નહિ શકું. મારું કમનસીબ છે કે તમે દૂર દેશમાં જઈ રહ્યા છો.’

પુરુષે તેને આશ્લેષ આપીને કહેવા માંડ્યું કે આપણો પ્રેમ આવો જ રહેજો. દિનપ્રતિદિન વધતો રહેજો.

ને પ્રેમીઓ પોતપોતાને ઘેર જવા છૂટાં પડ્યાં.

એ વાતને વરસો વહી ગયાં. દીન, હીન ને કંગાળ જેવો બનીને ભિક્ષુના રૂપમાં પેલો પ્રેમી એક વાર એજ ઉદ્યાનમાં પોતાની વિરહઘેલી પ્રેમિકાની પાસે હાજર થયો, ને તેના પ્રેમની માગણી કરવા માંડ્યો : ‘તારા વિના મારું કોઈ નથી. તું જ મારી દેવી – પ્રેરણા ને પ્રશાંતિ દેનારી દેવી છે. તારા વિના મારું કોઈ નથી.’ ને તેને હાથ લંબાવીને આગળ વધવા માંડ્યું.

પ્રેમિકા પાછી હઠી ગઈ ને કહેવા માંડી : ‘અરે, તમે તો બદલાઈ ગયા છો ! આ બિહામણી લાંબી દાઢીને પહેલાં કાઢી નાખો. તમે તો બદલાઈ ગયા છો.’

‘હું એ જ છું, બદલાયો નથી.’ પ્રેમીએ ખુલાસો કર્યો. પણ સ્ત્રી ત્યાંથી ચાલવા માંડી. પ્રેમીની છાતી આઘાતથી ભારે થઈ ગઈ.

પ્રેમના એ એકાએક મળેલા પાઠને તાજો રાખવા એણે ત્યારથી જ દાઢી વધારવાની ચાલુ જ રાખી.

* * *

## ૪. ઉપદેશ ને ઉપદેશક

જ્ઞાનની દીપ્તિથી ભરેલા વદનવાળા એક સંન્યાસીએ એક મંદિરમાં ઉતારો કર્યો. તેની પાસે કેટલાંક નવાં જ નીકળેલાં વેદાંતના પુસ્તકો હતાં.

બીજા દિવસથી એણે ગામમાં કથા કરવા માંડી. ટોળે મળેલા લોકોને તેણે કહેવા માંડ્યું કે : ‘ભાઈઓ, સૌમાં પરમાત્મા છે માટે સૌને પ્રેમ કરો છો, ને સૌ પ્રત્યે સમભાવ રાખી સૌની સેવા કરો. એ રીતે જ તમે સાચું જીવન જીવી શકશો. મનુષ્ય જ નહિ, પણ પશુ, પંખી ને વનસ્પતિને પણ પ્રેમ કરો.’

ટોળે વળેલા લોકોમાંના એકે પૂછ્યું: ‘પ્રભુ, તમારે માતા છે ? શું તમે પરિણીત છો, ને તમારે બાળકો પણ છે, કે તમે અપરિણીત જ રહ્યા છો ?’

ને યુવાન સંન્યાસીએ ઉત્તર આપ્યો કે: ‘પોતે પરિણીત છે, ને ઘરમાં પોતાની પત્ની, માતા ને બાળકો પણ છે.’

‘ત્યારે તેમનું શું ?’ લોકોએ એકાએક કહેવા માંડ્યું: ‘તમારા ઉપદેશને તેમને માટે લાગુ ના પાડવાનું કારણ શું ?’

ને એ રાતે તે યુવાન સંન્યાસી પોતાની માયાળુ માતા, પ્રેમાળ પત્ની ને બાળકોને યાદ કરીને એકાંતમાં આંસુ સારવા માંડ્યો.

બીજે દિવસે લોકોએ તેની કથામાં આવીને એ જ વાતનું પારાયણ કરી કહેવા માંડ્યું કે: ‘પ્રભુ, આપનો સંદેશ જો સૌને માટે સાચો હોય, તો પહેલાં તેનો અમલ કરો. તે વિના અમને આગળની કથામાં રસ ભાગ્યે જ પડશે.’

* * *

## ૫. આપણું અવતરણ

આપણું અવતરણ આ અવનીને વધારે ને વધારે અમૃતમય કરવા ને પ્રેમ પ્રકાશથી ભરવા માટે થયું છે. બીજાને સુખી કરવા ને રસમય બનાવવા માટે થયું છે: એનું હમેશાં ધ્યાન રહે ને જીવન તેના અમલ માટે સક્રિય કામ કર્યા કરે. હે કૃપાળુ, સક્રિય કામ કર્યા કરે!

આપણું અવતરણ આ અવનીને મધુરતાની મોહિનીથી ભરી દેવા ને જડતાને દૂર કરીને ચેતનમય કરવા માટે છે. સંકટને દૂર કરવા ને બંધનને બદલે મુક્તિનું દાન દેવા માટે છે: એનું હમેશાં ધ્યાન રહે ને જીવન તેના અમલ માટે સક્રિય કામ કર્યા કરે. હે અંતર્યામી, સક્રિય કામ કર્યા કરે!

આ અવનીમાં આપણું અવતરણ સ્વયં પૂર્ણ થઈને બીજાને પૂર્ણ કરવા ને પોતે તરીને બીજાને તરવાનો માર્ગ બતાવવા માટે થયું છે: એનું હમેશા ધ્યાન રહે ને જીવન તેના અમલ માટે સક્રિય કામ કર્યા કરે. હે પ્રેમના સાગર, સક્રિય કામ કર્યા કરે!

* * *

## ૬. સાધનાની સિદ્ધિ

તમારી સાથે મારી પહેલી મુલાકાત થઈ એ દિવસ કેટલો બધો અનેરો હતો! તેની યાદમાંથી અમૃતપાન કરીને હું મારી બાકીની પળો પસાર કરી રહ્યો છું. તમારી સાથે મારી પહેલી મુલાકાત થઈ એ દિવસ કેટલો બધો સુંદર હતો!

એ પછી તો આપણે અનેક વાર મળ્યાં છીએ. પણ તમારા અખંડ મિલનને માટે મરવા પડેલું મારું હૃદય તમને ઝંખ્યા જ કરે છે. સમાધિના પ્રદેશમાં પ્રવેશ કરીને કૃતકૃત્ય થવા છતાંય તે તમને ઝંખ્યા ને તલસ્યા જ કરે છે.

તલસાટથી તપી રહેલી ધરતીને ધીરજ ને શાંતિ આપવા આજે આકાશમાં વાદળ ટોળે મળે છે, આશાની આગાહી જેવી ચપલા ચમકારા કરે છે, ને વહાલનું વર્ષણ કરે છે. એ જ પ્રમાણે વહાલનું વર્ષણ કરવા માટે તમે મારી પાસે પ્રકટ થાવ, કાયમને માટે પ્રકટ થાવ, ને મને શાંતિનું દાન કરો. કાળાભમ્મર કેશની વચ્ચેથી સ્મિત કરનારા તમારા કમળ કરતાંયે વધારે કોમળ મુખને જોતાંવેંત મને સમાધિ થશે ને સાધનાની સિદ્ધિ સાંપડશે.

* * *

## ૭. ગંગાકિનારાની કથા

ગંગા કિનારાની રૂપેરી રેતીમાં સૂર્યોદય પહેલાંની વહેલી સવારે રોજ કથા થતી હતી. કહેવાતું કે વ્યાખ્યાતા ઘણા જ વિદ્વાન હતા. ગંગાકિનારે વહેલી સવારની શાંતિમાં રોજ કથા થતી.

ચારે બાજુ ડુંગરની માળા ઊભી હતી ને વચ્ચે મોટું મેદાન હતું. દૂરથી પધારેલા પરિવ્રાજકને સાંભળવા માણસોની મોટી મેદની ત્યાં એકઠી થતી. ઠંડી લહરીઓ ચાલતી હોય ને આકાશમાં ઉષાની પધરામણી થઈ ગઈ હોય ત્યારે કથા થતી. ગંગાકિનારે સૂરજની પધરામણી થતાં સુધી રોજ કથા થતી.

ગંગામાં સ્નાન કરનારો એક શિશુ માનવ મહેરામણનું દર્શન કરતો, ને કથામાં કહેવાતા એક બે શબ્દો કદીકદી પાસેના પંથેથી પસાર થતાં સાંભળતો.

એક વહેલી સવારે તેને એક પરિવ્રાજકનો મેળાપ થયો, ને તેણે પૂછવા માંડ્યું: ‘કેમ, કથામાં તો જાવ છો ને?’

‘કોની કથા?’ શિશુએ સરળતાથી પ્રશ્ન કર્યો.

પરિવ્રાજકે દૂરથી માનવમંડળી તરફ અંગુલિનિર્દેશ કરી બતાવ્યો. શિશુ સમજી ગયો ને તેણે કહેવા માંડ્યું: ‘ગંગાની અનંત કથા આગળ બીજી કયી કથા? ગંગાની અકથ્ય કથાની પાસે બીજા કોની કથા? આ પર્વતો, વૃક્ષો, આકાશ ને પંખીની કથા થઈ રહી છે ત્યાં બીજી કયી કથા? એ કથાને હું સાંભળું છું ને તેમાં મશગૂલ છું.’

‘એ બધી જ કથા મિથ્યા છે. એ બધી જ કથા મિથ્યા.’ પરિવ્રાજક શિશુની વાત સાંભળીને ભવાં ચઢાવીને કહેવા માંડ્યા, ને પેલા પરિવ્રાજકની કથા સાંભળવા માટે માનવ મંડળીમાં જઈને બેસી ગયા.

* * *

## ૮. ચિતાનું ચિત્ર

પાસે પાસે રહેતા બે શ્રીમંતોના મહેલમાં એક જ જાતના બે ચિત્રો હતાં, ને તે બંને વચ્ચે મિત્રતા હતી. બંને શ્રીમંતોના મહેલની દિવાલ પર એક જ જાતનાં ચિતાનાં બે ચિત્રો હતાં.

પહેલાંના મહેલમાં પ્રવેશેલા એક પ્રવાસીએ તેનું કારણ પૂછ્યું તો તેણે કહેવા માંડ્યું: 'વિનાશની ચિતા આવી રીતે સળગી રહી છે, ચરાચરમાં સળગી રહી છે, ને તેમાં બધું જ ભસ્મીભૂત થવાનું છે: આ તન, મન, ભવન, બધું જ. એ વાતની યાદી માટે આ ચિત્ર છે. તે મને અહંકાર, અનર્થ ને આસક્તિથી દૂર રાખે છે.'

તે જ પ્રવાસી કોઈ કારણથી એક વાર પેલા બીજા મહેલમાં જઈ ચડ્યો. તેમાં રહેનાર શ્રીમંતે તેના પ્રશ્નના જવાબમાં તે જ ચિત્રને હાથમાં લઈને કહેવા માંડ્યું: 'વિનાશની ચિતા આ જ રીતે સળગી રહી છે. ચરાચરમાં સળગી રહી છે, ને તેમાં અંતે બધું જ ભસ્મીભૂત થઈ જવાનું છે. માટે જીવનનો જે લગીર જેટલો પણ સમય મળ્યો છે, તેમાં લહેર કરી લો, બને તેટલો ભોગ ભોગવી લો, ને કોઈનો પણ ડર રાખ્યા વિના લહેર કરી લો, એવી પ્રેરણા મને આ ચિત્રમાંથી મળી રહી છે. માટે તે મને પ્રિય છે, ને તેને મેં મારા વિશાળ દિવાનખાનાની વચ્ચે જ રાખ્યું છે.'

* * *

## ૯. સંપત્તિની લૂંટ

ક્રોધના આવેશમાં એકદમ ધસી આવીને એક સાધુએ બીજાને કહ્યું : 'બોલ હવે તને કોણ બચાવી શકે તેમ છે? આ બધું જ લૂંટી લઉં તો પણ હવે મને કોણ રોકે તેમ છે ?'

'ઈશ્વર.' શાંત સાધુએ ઉત્તર આપ્યો.

'ઈશ્વર? જોઉં છું તે તને કેમ બચાવે છે!' એમ કહીને ક્રોધી સાધુએ નાના સરખા આશ્રમની બધી જ વસ્તુ લૂંટી લીધી. ને બોલ્યો: 'જો, મેં તને લૂંટી લીધો. મારા કહ્યા પ્રમાણે ના કર્યું તો જો મેં તને લૂંટી લીધો.'

શાંત સાધુએ પ્રત્યુત્તર વાળ્યો: 'લૂંટ કોની થઈ? મારું તો કંઈ જ લૂંટાયું નથી. સંપત્તિ તો તમારી જ લૂંટાય છે : મારું તો કંઈ જ લૂંટાયું નથી.'

ને તેના શાંત શબ્દોએ ક્રોધી સાધુના જીવનમાં ક્રાંતિ કરી નાખી. તે સાચી શીલની સંપત્તિનો સ્વામી બની ગયો. આજે પણ એ વાતને યાદ કરીને તે રોમાંચ અનુભવે છે.

* * *

## ૧૦. તમારો ને મારો સંબંધ

એવરેસ્ટ કરતાં પણ ઊંચા હિમાલયના શાંત શિખર પર સમાધિમાં લીન બનીને તમે બેઠા છો. વાતાવરણ છેક શીતળ છે, ને આજુબાજુ તમારું દર્શન કરવા મસ્તકને ઊંચું કરીને ઊભેલા બરફના પર્વત છે. ત્યાં સ્નેહ ને શાંતિના સરોવર જેવાં લોચન બીડીને સમાધિમાં લીન બનીને તમે બેઠાં છો.

ત્યાં અચાનક એક કન્યા આવે છે, ને તમને ભેટી પડે છે. તેના વદન પર વિષાદ છે.

તેના આશ્લેષથી તમારી આંખ ઊઘડી જાય છે, ને તેમાંથી અમીની ધારા ઢળવા માંડે છે. ભાવભરેલાં મીઠાં વચનમાં પવનની પાંખ પર બેસીને તમે વાતાવરણમાં જાણે કે વહેવા માંડો છો. પ્રેમથી પ્લાવિત થઈને, શબ્દના સંગીતની ગંગાના રૂપમાં તમે પ્રકટી ઊઠો છો, ને કન્યાની સાથે ચાલો છો. તમારા એ અલૌકિક આવિર્ભાવથી અવનીનો આનંદ માતો નથી, ને પ્રકૃતિ પ્રસન્નતાના પાવન ગીતમાં ડૂબી જાય છે.

એ કન્યા તે કરુણા અથવા પ્રીતિ, ને તમારા શબ્દના સંગીતની પ્રકટ થઈને પૃથ્વી પર વહેવા માંડેલી ગંગા તે હું. એ કન્યાના આકર્ષણથી તમે આ જગતમાં સ્વેચ્છાએ જન્મો છો, ને મારા રૂપમાં યુગેયુગે શ્વાસ લઈને વિહરો છો.



* * *

## ૧૧. બે બાળકો

નિશાળે જતાં બે બાળકો વચ્ચે વિશ્વની શાંતિ વિશે વાતો ચાલી ને તેમાંથી હરિફાઈ જામી. પહેલો બાળક કહે: ‘મોટો થઈને હું વિશ્વની શાંતિ માટે મોટાં કામ કરીશ.’ ને બીજો કહે: ‘મારાથી મોટાં કામ નહીં થાય તોયે જેવાં થશે તેવાં નાનાં કામ પણ હું શાંતિ માટે જ કરીશ.’

બાળકો ઘેર આવ્યાં ત્યારે પણ એ જ વાત કરવા માંડ્યા. એવામાં એક બાળકને તરસ લાગી ને તે પાણી પીવા ઊભો થયો. ઘરના ખૂણામાં પડેલા કૂંજામાંથી પાણી કાઢતી વખતે તેણે કૂંજા નીચે નજર કરી તો એક કીડો કૂંજાની નીચેની ઠંડીમાં આશ્રય લેવા આવતો હતો. બાળકે તેને દૂર કર્યો, ને પછી પાણી પીને પાછો ફર્યો.

થોડી વારે બીજો બાળક પણ પાણી પીવા ઊભો થયો, ને તેણે પણ એ કીડાને કૂંજા તરફ આવતો જોયો. કૂંજામાંથી પાણી લઈને તેણે તેના માર્ગમાં પાણી છાંટી દીધું, ને કીડો તેમાં શાંતિપૂર્વક પડી રહ્યો. એ જોઈ રહ્યો.

ઘરમાં પાસે જ બેસીને આ બધું જોઈ રહેલા ફિલસુફ પિતાએ બાળકોની માતાને કહ્યું: ‘કાલે ગમે તે થાય, આજે તો આ બીજો બાળક જ શાંતિને માટે વધારેમાં વધારે પ્રયાસ કરનારો છે, એ ચોક્કસ છે.’

* * *

## ૧૨. કેશ વિનાની સંન્યાસિની

ગંગાના કિનારા પર સમી સાંજે મારી ને તેની મુલાકાત થઈ ગઈ. આકાશમાં સંધ્યાના કેસરિયા રંગો ફરી વળ્યા હતા, ને ગંગાજલની તાજગીથી ભરેલી પવનની લહરીઓ ચારે બાજુ ફરી રહી હતી. ત્યારે પર્વતોની તળેટીમાં અમારી મુલાકાત થઈ ગઈ: ગંગાના કિનારા પર મારી ને તેની મુલાકાત થઈ ગઈ.

તેના અવનવા વેશથી અજાયબ બનીને મેં તેને પ્રશ્ન કર્યો કે 'આ શું? સુંદરતાના ઉપહારરૂપે ઈશ્વરે આપેલા તારા કોમળ ને લાંબા કેશ ક્યાં ને .....'

ને અધીરાઈમાં આવીને તેણે વચ્ચે જ કહેવા માંડ્યું: 'શું તમને ખબર નથી કે હું સંન્યાસિની બની ગઈ છું? ગુરૂના કહેવાથી મારા કેશ કાઢી નાખવામાં આવ્યા છે, ને મેં ભગવાં વસ્ત્રો ધારણ કર્યાં છે. બહારની સુંદરતામાંથી મન પાછું વાળ્યા વિના મુક્તિ નથી, તેની તમને ખબર નથી?'

'શિવ ને સુંદરતાનો સ્વામી ઈશ્વર આ વાતને ભાગ્યે જ પસંદ કરશે.' મેં તેને ઉત્તર આપ્યો: 'મનની નિવૃત્તિ ને મુક્તિ માટે તે આ માર્ગને ભાગ્યે જ પસંદ કરશે. ને ઈશ્વરે તને તો મનોહર મુખ આપ્યું છે, નેહભીનાં નેન ને સુધાછલેલાં વેણનું દાન કર્યું છે: દિર્લના માર્દવ ને પ્રેમમાં તેણે તારામાં ઘર કર્યું છે, તેને તું કેવી રીતે દૂર કરી શકશે? ને તેણે આપેલાં સ્ત્રીસહજ શરીરને કોટિ ઉપાયે પણ કેવી રીતે છોડી શકશે? અરે, તને કેમ સમજાવું કે તેને છોડ્યા વિના પણ તું તે પ્રિયતમને પ્રેમ કરી શકશે ને મુક્તિ મેળવી લેશે.'

મારાં વચનથી તે વિચારમાં પડી ગઈ, ને ગંગાની લહરી વધારે વેગથી વહેતી થઈ. ગંગાના કિનારા પર સમી સાંજે આમ મારી ને તેની યાદગાર મુલાકાત થઈ ગઈ.

* * *

## ૧૩. લાયકાત

તમારી પાછળ ફકીરી લઈને કેટલાંય વરસોથી હું એકાંત વનમાં વસવાટ કરું છું, ને કેટલાંય વખતથી તમારે માટે સંગીતની પ્યાલીમાં પ્રેમનું પીયૂષ ભર્યે જાઉં છું.

મારામાં પ્રેમ નથી, ભક્તિભાવ નથી, ને જ્ઞાન નથી, તે હું જાણું છું. બીજી લાયકાત પણ મારામાં નહીં જેવી છે છતાં તમારા મધુર મિલનની આશા રાખીને હું વરસોથી બેસી રહ્યો છું, ને દિલની દિલરુબા પર તમારી સ્મૃતિને સજ્યા કરું છું. તમે પડદો દૂર કરી દો જેથી આપણી આંખો એક થઈ શકે.

લાયકાતની મને ચિંતા નથી. કેમ કે તમારા મિલન વિના ગમે તેવી લાયકાત પણ અધૂરી છે, ને તમારા મિલનમાં ગમે તેવી લાયકાતને પેદા કરવાની તાકાત રહેલી છે.

* * *

## ૧૪. લક્ષ્મી

પૂનમથી પણ મહા વધારે અનેરો પ્રકાશ લઈને તે મારે આંગણે આવીને ઊભી રહી. તેના અંગમાંથી મધુરતા ઝરતી હતી, અમૃતધારા ટપકતી હતી, ને મનને મસ્ત કરનારી ફોરમ ફેલાતી હતી. ઉઘાડા આકાશ નીચે મારી પથારી હતી. ત્યાં મારા ઉશીકા પાસે આવીને તે લગભગ મધરાતને વખતે ઊભી રહી.

મેં કહ્યું: 'દેવી, તું કોણ છે ને મારી પાસે શા માટે પધારી છે?'

તેણે કહ્યું: 'હું લક્ષ્મી, શ્રી કે સંપત્તિ છું. તમારા પર પ્રસન્ન થઈને હું તમારી સાથે રહેવા આવી પહોંચી છું.'

'મારી સાથે રહેવા?' મેં તેને આશ્ચર્ય સાથે પ્રશ્ન કર્યો: 'મારામાં એવું શું છે? છતાંપણ તમારો સાથ સ્વીકારવા હું તૈયાર છું, જો તમારી સાથે સદબુદ્ધિરૂપી સખી પણ રહેવા આવતી હોય તો.'

ને મારા પ્રસ્તાવ સાથે સમંત થતાં તેણે કહ્યું: 'મોટે ભાગે તેમ થવું તદ્દન અશક્ય છે પણ તમારે માટે તેમ થઈ રહેશે.'



* * *

## ૧૫. ઝરણનો સંદેશ

વહેતા ઝરણની પાસે તલ્લીન બનીને બેઠેલા શિષ્યને ગુરુદેવે કહ્યું: 'બેટા શું જોયા કરે છે? ઝરણનો સંદેશ સાંભળે છે કે નહીં?

જીવનના ઝરણને આવી જ રીતે વિકાસની અખંડ આરાધનામાં લગાડી દે, ને વિસંવાદમાં પણ સંવાદ ને શાંતિનો સ્વાદ ચાખી લે. જીવનના ઝરણને પણ આવી રીતે સાધનાના સતત રીતે વહેતા પ્રવાહમાં પલટાવી દે.'

* * *

## ૧૬. તપસ્વીની પ્રાર્થના

અંધારા વાદળ આકાશમાંથી એકાએક હઠી ગયાં, ને અમૃતના અંગાર જેવા પૂનમના ચંદ્રનું સ્વરૂપ પાસેના પર્વત પાછળથી પ્રકટવા લાગ્યું.

‘મારા જીવનમાં પથરાયેલી વિરહની કાલિમા આ રીતે દૂર થાય, ને તમારા મધુઝરતા સ્વરૂપનો ઉદય થાય, એવી કૃપા કરી દો. હે અંતર્યામી, એવી કૃપા કરી દો.’

એ સુંદર સુધામય દૃશ્યનું દર્શન કરતા પર્વતની ખીણમાં વસનારા તપસ્વી પુરુષે પ્રાર્થનાના મૂક ભાવમાં એમ કહેવા માંડ્યું.

* * *

## ૧૭. જીવનદાન

સમી સાંજે એક પ્રચારકે મારા નાનાસરખા પ્રાંગણમાં પ્રવેશ કર્યો ને ત્યાં આવેલા તુલસી ક્યારાને જોતો તથા રંગબેરંગી સુમનની સુવાસ લેતો લાંબા વખત લગી ઊભો રહ્યો. અંદરથી સંગીતના સૂર નીકળતા હતા. તેના સુધામય સ્વાદમાં મસ્ત બનીને તે લાંબા વખત લગી ઊભો રહ્યો.

બહાર આવીને જોયું તો તેણે મને પ્રણામ કર્યા, ને ફૂલોની ફોરમ ને સંગીતની સુરાવલિની પ્રશસ્તિ કરીને તે મારી પાસે ઊભો રહ્યો. તેના આગમનનું કારણ પૂછતાં હાથમાંનું પુસ્તક બતાવીને તેણે કહેવા માંડ્યું: ‘જીવનદાન દેનારા મહાનુભાવોના નામનું આ પુસ્તક છે. તમારી પાસેથી પણ હું જીવનદાનની આશા રાખું છું. તમે પણ તમારું નામ સમાજના સેવક તરીક લખાવી લો.’

‘તમારા પુસ્તકમાં મારું નામ નથી, છતાં બાળપણથી મેં જીવનનું દાન દીધેલું છે.’ મેં તેને ઉત્તર આપ્યો: ‘ઈશ્વર ને તેની સૃષ્ટિને માટે મેં જીવન અર્પણ કર્યું છે. ફૂલોની ફોરમ ને સંગીતની સુરાવલિમાં મન લગાડ્યા વિના તેની સેવામાં હું તત્પર છું. ને તેની પૂર્તિમાં મેં કહી દીધું કે ઈશ્વરને માટે જે જીવનનું દાન દઈ દેશે તે ઈશ્વરનો બની જશે, તે જ સમાજની સાચી સેવા કરવાની શક્તિ મેળવી શકશે.’

તેણે ફરી પ્રણામ કરીને ચાલવા માંડ્યું.

* * *

## ૧૮. ઈશ્વરનો મહિમા

'ઈશ્વરના મહિમાનું તમારામાંથી કોઈએ દર્શન કર્યું છે ખરું?'

ટોળે વળેલા ઉમેદવારોને સંબોધીને સંસ્થાના સંચાલકે સવાલ કર્યો.

'હા.' એમાંથી એક યુવાન બોલી ઉઠ્યો: 'મેં દર્શન કર્યું છે.'

'ક્યાં? કોનામાં?' સંચાલકે ફરી પૂછ્યું.

યુવાન સંસ્થાના મકાનમાં ગયો ને થોડી વારે એક બાળક સાથે બહાર આવ્યો.

'આનામાં – આ બાળકમાં મને ઈશ્વરના મહિમાનું દર્શન થઈ રહ્યું છે. આ ઈશ્વરનો મહાન પ્રતિનિધિ છે.' તેણે પોતાની વાતનો ખુલાસો કર્યો.

ને સંચાલકે કહ્યું: 'આ જ યુવાન મારી નવી ખોલનારી બાળસંસ્થા માટે લાયક છે. તે તેનો વ્યવસ્થાપક બનીને બાળકોની સેવા કરી શકશે.'

* * *

## ૧૯. મંદિરની ગાયિકા

અજવાળી રાતે મંદિરમાં એક સુંદર ગાયિકાએ પ્રવેશ કર્યો, ને દેવતાની પાસે બેસી હાથમાં વીણા લઈને સંગીતમય ગીત ગાવાની શરૂઆત કરી. નજીકમાં જ મારું આસન હતું, ને માણસોની મંડળી પણ આજુબાજુ જામી હતી.

ગાયિકાનું સંગીત ઘણું સુંદર હતું, ને તેનું સૌંદર્ય પણ અનુપમ હતું. અંતરમાંથી ઉભરાતો પ્રેમ એની આંખોમાં ઠલવાતો હતો, ને તેથી જાણે તે સૌને કામણ કરતી હતી.

વારંવાર તે મારા તરફ જોતી ને મારી તલ્લીનતાથી રાજી થતી.

છેવટે તેણે સંગીત પૂરું કર્યું ને મારા ચરણમાં પ્રણામ કર્યાં. પણ મારી આંખમાં આંસુ જોઈને તેને આશ્ચર્ય થયું, ને તેણે તેનું કારણ પૂછ્યું.

મેં કહ્યું: ‘સંગીત સુંદર હતું. પ્રસંશનીય હતું. છતાં આંસુ મને એટલા માટે આવ્યા કે તારા મનમાં આખો વખત મારું સ્થાન હતું. મંદિરમાં રહીને મારે બદલે જો મંદિરના દેવતાને જ પ્રસન્ન કરવાનો તે પ્રયાસ કર્યો હોત, ને તેનામાં મન લગાડ્યું હોત તો સંગીત તારા માટે કેવળ કલા નહીં પણ સાધના બની જાત, ને તારું જીવન કૃતાર્થ થાત.’

* * *

## ૨૦. લોકાપવાદ

નાનાસરખા ગામમાં પાંચ મિત્રોની એક ટોળી હતી. ગામમાં તેમનો પ્રભાવ હતો, ને તેમના ડહાપણ માટે સૌને માન હતું.

એકવાર એ ગામમાં વરસોથી ના બનેલો પ્રસંગ બની ગયો. એક યુવાને પરણવાની ના પાડી, ને તે તપ કરવા એકાંત વનમાં વિદાય થયો. પાંચ મિત્રોને વાતોનો વિષય મળ્યો. એમણે ગામમાં બધે કહેવા માંડ્યું: 'યુવાનનું મગજ બગડ્યું લાગે છે. સંસારનું સુખ છોડીને વળી વનમાં શું બળ્યું છે? અંદરખાને વાત જરૂર કંઈક બીજી હશે. નહીં તો આમ થાય નહીં.'

એ પછી એક દિવસ એ યુવાને ગામમાં પાછા આવીને લગ્ન કર્યું ને ઘર માંડ્યું. ત્યારે પણ એ મિત્રો બધે ફરતાં બોલી ઉઠ્યા: 'જોયું? માયાને જીતવાનું કાંઈ સહેલું થોડું છે? બ્રહ્મચર્યનું પાલન કરે તે તો દેવથી પણ ચડી જાય. એના તો પગ ધોઈ પીએ. પણ સંયમ પાળીને વનમાં વસવું એમ તે કાંઈ સહેલું છે?'



* * *

## ૨૧. જ્ઞાન ને સુખ

ગઈ રાતે સ્વપ્નમાં ફરી દર્શન દઈને એ તેજસ્વી મહામાનવે મને કહેવા માંડ્યું: 'ભાઈ, તું મારો અંગીકાર કરશે? તારી પાસે આવવા હું આતુર છું.'

મેં પૂછ્યું: 'તમે?'

મારા પ્રશ્નોને પારખી લઈને તેણે તરત ઉત્તર આપ્યો: 'લોકો મને જ્ઞાન કહે છે. મારું નામ જ્ઞાન. શું તું મારો સ્વીકાર કરવા તૈયાર છે? હું તને સુખી કરી દઈશ.'

'પણ તમે એકલા હો તો તમારી સાથે મૈત્રી કરવાની મારી ઈચ્છા નથી. મને સુખ ભાગ્યે જ મળી શકશે. નમ્રતા ને પ્રેમના પાર્ષદ વિનાના તમને અંગીકાર કરવાની મારી ઈચ્છા નથી.'

ક્ષણવાર શ્વાસ ખાઈને મેં ઉત્તર આપ્યો.



* * *

## ૨૨. નમસ્કારનો નશો

સમી સાંજે મંદિરના પ્રાંગણમાં એક નવયુવાને પ્રવેશ કર્યો, ને દેવદર્શન કરીને બહાર બેઠેલા પંડિત પાસે જઈને તે ઊભો રહ્યો.

‘અરે, તેં મને નમસ્કાર પણ ના કર્યા?’ પંડિત તરત બોલી ઊઠ્યા: ‘તને ખબર નથી કે ગામના મોટા મોટા લોકો પણ મને નમસ્કાર કરે છે?’

‘પણ તમે આટલા બધા ઉતાવળા કેમ થઈ ગયા?’ યુવાને ઉત્તર આપ્યો: ‘હું તમારી ધીરજ, નમ્રતા, સમતા ને મહાનતાની કસોટી કરતો હતો.’

ને બે હાથ જોડી મસ્તક નમાવીને તે રવાના થયો.

* * *

## ૨૩. પ્રભુ ને પ્રભુની પૂજા

શણગારવાના નવા નવા શણગાર લઈને હું તમારી પાસે આવું છું: પરંતુ તમારા મંદિરના પ્રાંગણમાં પહોંચતાં જ મારા પગ થંભી જાય છે, ને તમારી પાસે મંદિરના ગર્ભદ્વારમાં હું ખાલી હાથે આવીને ઊભો રહું છું.

સમર્પણ કરવાની નવી નવી સામગ્રીને ધરાવવાનો નવો નવો ભોગ લઈને હું તમારી પાસે આવું છું: પરંતુ તમારા મંદિરના પ્રાંગણમાં પહોંચતા જ મારા પગ થંભી જાય છે, ને તમારી પાસે મંદિરના ગર્ભદ્વારમાં હું ખાલી હાથે આવીને ઊભો રહું છું.

ધનના વિશાળ સંગ્રહ ને ઘરેણા સાથે હું તમારી પાસે આવું છું: પરંતુ તમારા મંદિરના પ્રાંગણમાં પહોંચતાં જ મારા પગ થંભી જાય છે, ને તમારી પાસે મંદિરના ગર્ભદ્વારમાં હું ખાલી હાથે આવીને ઊભો રહું છું.

પાર વિનાના વસ્ત્રોથી તમને સજાવવાનો મનોરથ કરીને હું તમારી પાસે આવું છું: પરંતુ તમારા મંદિરના પ્રાંગણમાં પહોંચતાં જ મારા પગ થંભી જાય છે, ને તમારી પાસે મંદિરના ગર્ભદ્વારમાં હું ખાલી હાથે આવીને ઊભો રહું છું.

પહેલાં તમારા પ્રાંગણમાં હારબંધ બેઠેલા આ ભૂખ્યા, અર્ધનગ્ન ને અનિકેત લોકોને દૂર કરો. પહેલાં તેમની દવા કરો. તે પછી જ તમારા ગર્ભદ્વારમાં મારી રહીસહી સંપત્તિ સાથે હું પહોંચી શકીશ. પહેલાં આ માનવદેવોની દવા કરો. તેમને જોઈને મારું દિલ દ્રવી જાય છે, ને તમારે માટે જે લાવું છું, તે તેમને ચરણે ધરવાનું મન થાય છે. ત્યાં લગી હું એમ જ માનું છું, ને માન્યા કરીશ, કે મારી પૂજા તમને જ પહોંચી રહી છે, ને વિવિધ રીતે તમારી જ સેવા થઈ રહી છે: અનેકવિધ રૂપમાં રમનારા તમને ઓળખી લેવામાં મેં ભૂલ નથી કરી: ખરેખર ભૂલ નથી કરી.

* * *

## ૨૪. કલાનો હેતુ

નવયુવાન નર્તકીએ આજે રંગમંચ પર મન મૂકીને નર્તન કર્યું, ને પછી ઉમંગથી ઉભરાઈને પોતાને પ્રિય એવા યુવાનની આંખે આંખ મિલાવીને પ્રશંસાના શબ્દો સાંભળવા ઊભી રહી. યુવાન પર તેને અનુરાગ હતો, ને તેને ખાતરી હતી કે પોતાના અભિનય પર વારી જઈને તે તેના પ્રેમનો સ્વીકાર કરશે. યુવાનની પાસે આવીને અંતે તે એક જ આસન પર બેસી ગઈ.

યુવાને તેને પ્રણામ કરીને કહેવા માંડ્યું: 'ઈશ્વરની અસાધારણ સુંદરતાનું દર્શન કરીને હું તને વંદન કરું છું. તારા દેહનું નર્તન ઘણું સુંદર હતું, એ હું કબૂલ કરું છું. પણ સુંદરતાના શિરોમણિ ઈશ્વરને માટે જો મારા દિલનું નર્તન થાય, તો પરિણામ કેટલું પાવનકારી આવે એની કલ્પના કરું છું. મારી પ્રાર્થના છે કે ઈશ્વરે આપેલી કળાની આરાધના મારા સરખા સાધારણ માનવ-શરીર માટે નહીં, પણ ઈશ્વરને માટે જ કર. હું તારામાં તે જ ઈશ્વરની ઝાંખી કરું છું.'

ને આજે રાતે એ નર્તકીની કાયાપલટ થઈ ગઈ: જે એક માનવની થવા માગતી હતી, તે સારાય સંસારની ને તેના સ્વામી ઈશ્વરની બની ગઈ.

* * *

## ૨૫. કવિ ને વરસાદ

ધરતીનું નિરંતર અવલોકન કરતું આકાશ અનુરાગના અતિરેકમાં આવી જઈને દિલને ખુલ્લું કરે છે, ને વરસાદના રૂપમાં વરસી ધરતીને ભેટી પડે છે.

'તમારું અખંડ મનન કરનારું મન પણ એ રીતે ભાવમય બને, ને કવિતાના કોમળ સ્વરૂપમાં પ્રકટ થઈને તમને આલિંગન કર્યા કરે: કવિતાના અખંડ વાહન દ્વારા આપણા રસમય હૃદયનો મેળાપ હમેંશા થયા કરે.' વરસતા વરસાદ સામે જોઈને કવિએ ગીતના સ્વરૂપમાં વહેવાનું શરૂ કર્યું.

ને છેવટે સંગીતની અંતિમ પંક્તિ પૂરી કરતાં તેણે કહેવા માંડ્યું: 'મધુથી પણ મધુર એ મિલનમાંથી નવી સૃષ્ટિનું સર્જન હો!'

* * *

## ૨૬. સિદ્ધિ

શ્રાવણની વહેલી સવારે તેણે મારા આશ્રમના આંગણામાં પ્રવેશ કર્યો, ને પ્રણામ કરીને તે મારી પાસે ઊભી રહી. તેની આંખમાં આતુરતા હતીઃ કાયામાંથી સુવાસ ફેલાતી હતી. રોમેરોમે રસ ભરીને પ્રેમથી પરિપ્લાવિત કરવા જાણે તે આવી હતી. કુમારી વેશમાં તે ઓછી આકર્ષક ન હતી.

તેણે કહ્યું: 'હું તમને વરવા આવી છું. મારું નામ સિદ્ધિ છે. મારી મદદથી પુરુષ પુરુષોત્તમ બની શકે છે. તમારી આજ્ઞા હોય તો હું તમારા કંઠમાં મારી માળા અર્પણ કરી શકું.'

મેં કહ્યું: 'મારી ના નથી. નમ્રતા, દયા, ને સેવાભાવના જે મારામાં હાજર છે; તેને હરકત ના કરવાનું વચન આપે, ને મારી નિસ્વાર્થતા કાયમ રાખે, તો મારી ના નથી.'

ને તેણે સસ્મિત સંમતિ આપીને મારા કંઠમાં પોતાની માળા પહેરાવી દીધી.

અદૃશ્ય થતાં પહેલાં તે કહેતી ગઈ: 'સ્વાર્થ અને અહંકારની દાસી બનું છું, ત્યારે જ હું શાપરૂપ થાઉં છું: નમ્રતા ને નિસ્વાર્થતાને માટે તો સદાય આશીર્વાદરૂપ છું. તમારા નિર્ણયથી હું પ્રસન્ન છું. તમારી સાથે સ્નેહ કરી સંસારને સુવાસિત કરવા હું સદાય તૈયાર રહીશ.'

* * *

## ૨૭. બાળકની માંગણી

પ્રેમભક્તિથી ભરેલા એક શિશુની પાસે પ્રભુ પ્રગટ થયા, ને તેના આંસુ લૂછીને તેને પૂછવા માંડ્યા: ‘બેટા, તારે શું જોઈએ છે ? તારા પર મારી કૃપાનો વરસાદ વરસાવવા હું પ્રગટ થયો છું. તારા મનમાં કયી વસ્તુની કામના છે ?’

બાળકના રોમરોમમાં પ્રસન્નતા ફરી વળી. ‘મને કોઈ વસ્તુની તૃષ્ણા નથી, પ્રભો.’ તેણે કહેવા માંડ્યું, ‘પણ તમારી ઈચ્છા જ હોય તો એવી કૃપા કરો કે સારા સંસારને સદાચારથી સંપન્ન કરીને પ્રભુપરાયણ બનાવી શકું: સંસારને સુખી કરીને તમારા નામથી ભરી દઉં.’

‘તે તો મુશ્કેલ છે,’ પ્રભુએ કહેવા માંડ્યું.

‘મુશ્કેલ નથી મારા પ્રભુ. તમારે માટે કાંઈએ મુશ્કેલ નથી. તમે તો સમર્થ છો.’ બાળકે યાદ દેવડાવ્યું.

‘તો પણ ધાર કે તારી ઈચ્છા પૂરી ના કરું તો?’

‘તો પછી મારે બીજું કંઈ જ નથી ચાહવું. તમે તમારાં બાળકોના મનોરથ પૂરા કરવાની શક્તિવાળા નથી એટલું ભલે જાહેર કરી દો.’

પ્રભુએ સ્મિત કરતાં કહ્યું: ‘બેટા, તારી ઈચ્છા હું પૂરી કરીશ, જરૂર પૂરી કરીશ.’

* * *

## ૨૮. દૃષ્ટિનો દોષ

મુંબાઈના મોટા મકાનમાં એક મહાપુરુષનો મુકામ હતો. તેમની કીર્તિ સાંભળીને કેટલાય માણસો તેમના દર્શને આવતા હતા. મુંબાઈના મોટા મકાનમાં એક મહાત્મા પુરુષનો ઉતારો હતો.

નવાઈની વાત એ હતી કે તેમની પાસે પુરુષો જ જઈ શકતા.

એકવાર એક ભાવિક ભક્તે તેમના મકાનમાં પ્રવેશ કર્યો. તેમની સાથે તેમની નાની કન્યા પણ હતી. તેણે કુમારનો વેશ પહેર્યો હતો. મહાત્મા પુરુષને જ્યારે તેની જાતિની ખબર પડી ત્યારે તે ગુસ્સે થઈ ગયા ને કહેવા માંડ્યા કે: 'મારા નિયમનો આજે ભંગ થયો કેમ કે હું સ્ત્રીનું મુખ જોતો નથી.'

તે સાંભળીને પેલી આઠ વરસની કન્યા પણ નવાઈ પામી. તેણે કહેવા માંડ્યું: 'મહારાજ, માફ કરજો, પણ મારે કહેવું પડે છે, શું તમે તમારી મા નું મુખ નથી જોયું? તેનું દર્શન સ્ત્રીમાત્રના મુખમાં કેમ નથી કરતા? સ્ત્રીને ના જોઈને તો તમે કુદરતની એક મહાન કવિતાથી વંચિત રહો છો. ભેદભાવની દૃષ્ટિનો ત્યાગ કરો તો સ્ત્રીને જોવામાં અપરાધ હોય એમ મને તો નથી લાગતું.'

ને એ સાધારણ દેખાતી કન્યાના શબ્દોએ વૃદ્ધ મહાત્માના દિલનાં બંધ બારણાંને ઊઘાડી નાખ્યાં. તેમને એટલી મોટી ઉંમરે પણ જાણે બાળપણ મળી ગયું.

* * *

## ૨૯. વાદળનો સંદેશ

ખરે બપોરે મારા એકાંત આશ્રમની બહાર મોટો અવાજ થયો. બહાર આવીને જોયું તો સામેના પર્વત પરથી પત્થર પડતાં હતાં. તેના વિચારમાં મશગૂલ હતો, ત્યાં વાદળાં ગડગડાટ કરી ઉઠ્યાં.

ગડગડાટમાં તેમણે મને કહ્યું: 'ભાઈ, અમારું રૂપ કાળું છું. કેમ કે અમારે પારાવાર સંકટનો સામનો કરવો પડ્યો છે. વળી અમારા ઉદરનિર્વાહ માટે અમારે બીજાનો આધાર લેવો પડ્યો છે. છતાં પણ આજે અમે આઝાદ છીએ.'

'પરંતુ આટલે ઊંચે ચઢવા છતાં તમે મને ભૂલ્યાં નથી એ આશ્ચર્યકારક છે.' મેં કહેવા માંડ્યું.

'એમાં આશ્ચર્ય જેવું કાંઈ જ નથી.' તેમણે ઉત્તર આપ્યો: 'ધરતી અમારી માતા છે ને માતાને અમે ભૂલવા માંગતા નથી, એ જ અમારું રહસ્ય છે. એને યાદ રાખીને તમે પણ અમારી જેમ ઉપર ચઢજો, અમારાથીયે વધારે ચઢજો, પણ માતાને ભૂલવા જેટલા કૃતઘ્ની ના થશો – એ જ અમારો સંદેશ છે.'

ને એટલું કહીને તે ધરતીમાતા પર વરસવા માંડ્યા.

* * *

## ૩૦. વિરક્તિ

ભૂખ્યા માણસને ઘણે વખતે ભોજન મળ્યું તેથી તે પ્રસન્ન થયો. પણ ભાગ્યની ગતિ જુદી જ હતી. જમવાની શરૂઆત કરે તે પહેલા જ તેની આગળ એક કંગાળ માણસ ઉપસ્થિત થયો, ને ભોજનની ભિક્ષા માંગવા માંડ્યો.

ભૂખ્યો માણસ ઉદાર હતો. મળેલું ભોજન તેણે ભિક્ષુકને અર્પણ કરી દીધું. તે દિવસે તે ભૂખે પેટે જ સૂઇ રહ્યો.

વહેલી સવારે તેણે સ્નાન કર્યું, ને મંદિરના દેવતાને માટે ફૂલ લેવા એક આશ્રમના ઉદ્યાનમાં પ્રવેશ કર્યો. ફૂલ લેવાની શરૂઆત કરતાં જ આશ્રમના સાધુએ અવાજ કર્યો: ‘એ મુસાફર, જોજે ફૂલ તોડતો. આ કાંઈ સાર્વજનિક બગીચો નથી.’

સાધુના શબ્દો સાંભળીને, તેનો રોષ જોઈને તે બહાર નીકળ્યો. આશ્રમની બહાર આવીને તેણે ઉપર જોયું તો દરવાજા પર મોટા અક્ષરોમાં લખેલું હતું: ‘વિરક્તાશ્રમ, આશ્રમમાં કેવળ વિરક્ત ને આત્મનિષ્ઠ સંતો જ સંચાલકની રજાથી રહી શકે છે.’

* * *

## ૩૧. સાધક ને શરીર

એક મોટા મકાનના મેડા પર મારી ને તેની મુલાકાત થઈ ગઈ. તેના સર્વાંગસુંદર શરીર તરફ દૃષ્ટિ કરીને મેં કહ્યું: 'ફિલસૂફીની વાતો તો તમે ઘણી કરી, પરંતુ શરીર તો તમે ખાસ સાચવ્યું છે, તેનું કારણ?'

તેણે સ્મિત સાથે ઉત્તર આપ્યો: 'મારા પ્રભુ, હું ધારતો હતો કે તમે આ પ્રશ્ન પૂછી જોશો. આ શરીરમાં મને કાંઈ મમતા નથી. પરંતુ તે દ્વારા મુક્તિ મળી શકે છે, પ્રિયતમ પરમાત્મા ને પૂર્ણતાની પ્રાપ્તિ થાય છે. માટે જ મારે માટે તે હેય નથી, હવે તમે સમજ્યા?'

ને તેની વાત મારે ગળે ઉતરી ગઈ. મેં તેને સંમતિ આપી.

* * *

## ૩૨. કેરીનો સ્વાદ

જંગલના આશ્રમમાં બે સાધુપુરુષ જમવા બેઠા હતા. તેમની સામે બે કેરી પડી હતી.

મોટા સાધુને થયું, હું લીલી કેરી લઈ લઉં. કેમ કે બીજી પીળી કેરી વધારે પાકી છે. તે મીઠી હશે. મીઠી કેરી ભલે નાનો સાધુ ખાય.

ને તેણે લીલી કેરી લઈ લીધી.

નાના સાધુને થયું, બહુ સારું થયું. મારે ભાગે મીઠી કેરી આવી. હું તો નાનો છું એટલે મને સારી વસ્તુ જ મળવી જોઈએ. મોટા સાધુએ આજ સુધી કેટલીય કેરી ખાધી છે. એને ક્યાં કેરીની નવાઈ છે!

બંને સાધુ કેરી ચૂસવા માંડ્યા. નાના સાધુએ કહ્યું: 'અરે, મારી કેરી તો ખાટી છે, ખૂબ ખાટી છે!'

મોટાએ કહ્યું: 'અરેરે, બહુ ખરાબ થયું. પણ પ્રભુની મરજી. મારી કેરી તો અમૃત જેવી મીઠી છે!'

કેરીના એ અજબ સ્વાદનું કારણ કોઈની સમજમાં આવ્યું નહિ.

* * *

## 33. પાપીનો તિરસ્કાર બરાબર નથી

પાપીનો તિરસ્કાર કરવાની તારી ટેવ બરાબર નથી. કેમ કે પશ્ચાતાપના અગ્નિમાં જલી જઈને પાપી ક્યારે પુણ્યશાળી થઈ જાય તેની ખબર નથી. પાપીનો તિરસ્કાર કરવાની તારી ટેવ બરાબર નથી.

સંસારમાં એવા કેટલાય પાપી થઈ ગયા છે, જેમના પાપ અનેક હતાં. પરંતુ એક ધન્ય ઘડીએ તેમની હૃદયવીણા વાગી ઉઠી, તેમની વિવેકજ્યોત જાગી ગઈ. તેમના જીવનની સુરાવલિ શરૂ થઈ. એવા ઉદાહરણ સંસારમાં ઓછાં નથી. માટે જ કહું છું કે પાપીનો તિરસ્કાર કરવાની તારી ટેવ બરાબર નથી.

આજે તું પાપીનો તિરસ્કાર કરે છે, ને તેમને જોઈને મોં મચકોડે છે. પણ તેમ કરનારા કેટલાય પુણ્યશાળી એક દિવસ અચાનક પાપ કરતા થઈ ગયા છે, તેની તને ખબર છે ? પુણ્યનો અહંકાર પણ ઠીક નથી. માટે જ કહું છું કે પાપીનો તિરસ્કાર કરવાની તારી ટેવ બરાબર નથી.

પાપને ટાળવા ને પુણ્યશાળી કરવામાં મદદરૂપ બન. પણ પાપીનો તિરસ્કાર ન કર. કેમ કે કોણે ક્યારે ક્યાં ને કયા સંજોગોમાં કયું કામ કર્યું છે, ને કોને કયા કારણથી કુકર્મ કરવું પડે છે, તેની તને ક્યાં ખબર છે? ને વધારે વિનંતિ તો એટલા માટે કરું છું, ખુદ પ્રભુએ પણ પાપીને માટે પોતાના મંદિરના દ્વાર ખુલ્લાં રાખ્યાં છે. પ્રભુ પણ પાપીનો તિરસ્કાર કરતા નથી, ને તેને આલિંગન આપવા બે હાથ લંબાવીને ઊભા રહ્યા છે. ત્યારે તેને તિરસ્કારવાનો તને શો હક છે? માટે જ કહું છું કે પાપીનો તિરસ્કાર કરવાની તારી ટેવ બરાબર નથી.

* * *

## ૩૪. સૌંદર્ય ને ગુમાન

શહેરના સુંદર બગીચાના બાંકડા પર તે એકલી બેઠી હતી. બીજી કેટલીક કિશોરી ને યુવતી બગીચામાં આમ તેમ ટહેલતી, લોકોનું આકર્ષણ બનવા માગતી હતી. ત્યારે સમી સાંજે તેને એકલી બેઠેલી જોઈને મને જરા આશ્ચર્ય થયું. શું તે કોઈ વૈરાગિની કે યોગિની હતી?

તેની બાજુ પહોંચીને અત્યંત આદરપૂર્વક મેં પૂછ્યા માંડ્યું: 'આવા અખૂટ સૌંદર્યથી ભરેલા શરીર સાથે શું તમને આ બગીચામાં ફરવાનું મન નથી થતું શું? શું તમે દુઃખી છો કે કોઈ વિચાર ને ચિંતામાં ડૂબેલાં છો?'

થોડી વાર સુધી મારા તરફ શાંત નજરે જોયા કરીને તેણે કહ્યું: 'ના, તેવું કાંઈ જ નથી. હું સુખી છું. વળી મારી શેરીમાં ને કદાચ શહેરમાં હું સૌથી રૂપાળી છું, પણ રૂપ ને સૌંદર્ય બીજાને આકર્ષવા કે નશો ચઢાવવા માટે નથી. બાલપણથી પ્રભુ પાસે મારી પ્રાર્થના હતી કે પ્રભુ મને રૂપ કે સૌંદર્ય આપજે પણ તેનું ગુમાન ના આપીશ. કેમ કે તેથી મારું ને બીજાનું જીવન દુઃખી થઈ જશે. મને લાગે છે કે તે પ્રાર્થના સ્વીકારાઈ છે.'

'હા, તમારી તે પ્રાર્થના જરૂર સ્વીકારાઈ છે. તમને જોઈને તેની ખાત્રી થાય છે.' એમ કહીને મેં તેને નમસ્કાર કર્યાં, ને પછી અમે છૂટાં પડ્યાં.

* * *

## ૩૫. પ્રભાતની પ્રાર્થના

સંસારમાં શાંતિ, સંપ, સમજુતી ને સહકારની ભાવના ફરી વળે, ને અશાંતિ ને ભેદભાવનો અંત આવે. હે પ્રભુ, શોષણ, સત્તાખોરી, ને સીતમનો અંત આવે!

પૃથ્વીમાં પ્રેમ, પવિત્રતા, ને પ્રજ્ઞાનો પ્રચાર થાય, ને વેર ને ભયનો અંત આવે. હે પ્રભુ, ધિક્કાર ને અહંકારનો અંત આવે!

યુદ્ધની શક્યતા સદાને માટે દૂર થાય, કંગાલિયતનું દફન થાય, ને પરાધીનતાનો અંત આવે. હે પ્રભુ, પદદલિત પ્રજાનાં દુઃખોનો અંત આવે!

સત્યની સાધના ને આત્માની આરાધનામાં લોકો લાગી જાય, ને વિચાર, વાણી ને વર્તનમાં એક થાય!

એવો અવસર આ અવનીમાં વહેલામાં વહેલો આવે, હે પ્રભુ, પૃથ્વીમાં એ પાવન પ્રભાત વહેલામાં વહેલું પ્રગટે!

જગતના શાંતિમંદિરની નવરચનામાં મારું જીવન પણ પોતાનો નમ્ર ફાળો ધરે, મારી મારફત પણ તમારી શક્તિ કામ કરે. હે પ્રભુ, મારી મારફત તમારી શક્તિ કામ કરે!

* * *

## ૩૬. સાચી સાધના

સાપ પવન ખાઈને પેટ ભરે છે, પશુ ઘાસ ખાય છે ને પૃથ્વી પર પથારી કરે છે; તેમ તું પવનનું પ્રાશન કરીને પેટ ભરે, પૃથ્વી પર પથારી કરે, ને ઔષધિનો આહાર કરે, તો પણ શું? વિવેક ને પ્રેમ ના પ્રગટે ને બંધનમાંથી મુક્તિ ના મેળવે, તો તે શું કામનું?

માછલી જળમાં જ જન્મે છે ને મરે છે, ને રણ રેતીથી રંગાઈને ઉઘાડાં રહે છે; તેમ તું નદીમાં ન્હાયા કરે, શરીરે રાખ ચોળે, ને તદ્દન નવસ્ત્રો ફરે, તો પણ શું? સમજ ને શાંતિ ના પ્રગટે ને વાસના, વિકાર ને અહંકાર ના શમે, તો તે શું કામનું?

પશુ ઊભાં ઊભાં ખાય છે, તેમ તું કરપાત્રી થઈને ઊભો ઊભો ખાવા માંડે, ને કેટલાક હિંસક જીવો જંગલમાં એકલા ફર્યા કરે છે તેમ વનમાં એકલો જ વિહાર કરે તો પણ શું? સુમનની જેમ તારામાં સાત્વિકતા, શીલ ને સંયમની સુવાસ ના પ્રગટે, ને મમતા ને મદ ના મરે, તો શું કામનું?

તને કેમ કરીને સમજાવવું કે શાંતિ એ સાધનાનો પ્રાણ ને પ્રેમ તેનું ફાલેલું ફૂલ છે! પૂર્ણતાની અવસ્થાનું અમૃતફળ તારી સાધનામાંથી ના પ્રગટે, ત્યાં સુધી તારું દળદર ક્યાંથી ટળે, ને જીવનની જડતા ક્યાંથી મરે?

* * *

## ૩૭. જીવનનું ધ્યેય

વસંતની વહેલી સવારે મને એક સ્વપ્નું આવ્યું. જાણે હું ઋષિમુનિની સભામાં પહોંચી ગયો. ત્યાં ઋષિઓએ મને પૂછ્યું: 'શું તમે પૃથ્વી પર જવા તૈયાર છો? માનવશરીર ધારણ કરવા શું તમે તૈયાર છો?'

મેં કહ્યું: 'માનવશરીર ધારણ કરીને પૃથ્વી પર જવાથી શું થશે ? શું કોઈ વિશેષ હેતુ સરી શકશે ?'

તેમણે કહ્યું: 'જરૂર, કોઈને મદદ કરાય, પ્રભુના ગુણાનુવાદ ગવાય, ને પ્રભુની ઝાંખી કરાય.'

ને તેમની સભામાં મેં કહ્યું કે: 'હું પૃથ્વી પર જરૂર જઈશ, ને માનવ બનીને લોકોને કહીશ કે મુશ્કેલીઓ હોવા છતાં માનવજીવન એટલા માટે જ જીવવા ને ચાહવા જેવું છે.'

ને સ્વપ્નું ઊડી ગયું, ત્યારે જ મને ખબર પડી કે હું તો પૃથ્વી પર જ હતો, ને ઈશ્વરે મારી મારફત કદાચ આ જ હેતુ સિદ્ધ કરવા ધાર્યો હતો.

* * *

## ૩૮. સિદ્ધિની કામના

હિમાલયના એકાંત પ્રદેશમાં તે મહાપુરુષે મારી પાસે પ્રગટ થઈને કહેવા માંડ્યું : 'તું સિદ્ધિમાં માને છે? સિદ્ધિઓની પ્રાપ્તિ માટે તું પ્રયાસ કરીશ?'

મેં કહ્યું: 'મને સિદ્ધિનો મોહ નથી.'

તેમણે કહ્યું: 'તે તો સારું છે. પણ સંસારને સુખી કરવાનું જે સ્વપ્ન સેવી રહ્યો છે તેમાં સિદ્ધિ તને સહાય કરશે. સિદ્ધિની પ્રાપ્તિ વિના તારું એ સ્વપ્ન ભાગ્યે જ ફળી શકશે.'

મેં કહ્યું: 'તેથી જ હું તેની ઝંખના કરું છું: મારે માટે નહીં પણ સસાંરની સુખશાંતિ માટે તેની કામના કરું છું.'

મારા ઉત્તરથી પ્રસન્ન થઈને તે મને આશીર્વાદ આપીને ચાલતા થયા.

* * *

## ૩૯. દર્શનની દવા

અહંકારથી ઉન્મત્ત થયેલી આંખ લઈને પ્રભુને જોવાનો તું પ્રયાસ કરે છે; પણ તારો પ્રયાસ વ્યર્થ છે. પ્રભુને જોવાની ઈચ્છા હોય તો આંખને નિર્મળ કર. તેમાંથી અહંકાર દૂર કરઃ ને પ્રેમના અંજનથી તેને આંજી દે.

છળ, કપટ ને વિકારોથી ભરેલું દિલ લઈને પ્રભુને મળવાનો તું મનોરથ કરે છે; પણ તારો મનોરથ મિથ્યા છે. પ્રભુને મળવાની ઝંખના હોય તો હૃદયને નિર્મળ કર, ને છળ, કપટ ને વિકારને બદલે તેમાં સત્યતા, સરળતા ને સ્થિરતાની સ્થાપના કર.

એમ કરીને તારા શરીરના મંદિરમાં પ્રભુનું દર્શન કરઃ તારી અંદર ને બહાર તેનું દર્શન કર!

* * *

## ૪૦. મોટા ને નાના

સાગરે ઝરણને કહ્યું : 'મારી વિશાળતાનો તને ખ્યાલ નથી. તારા જેવાં કરોડો ઝરણાં ભેગાં થાય તો પણ મારી બરાબરી ના કરી શકે. મારી શક્તિ ને સાહ્યબીનો તને ખ્યાલ નથી. મારી અંદર કેટકેટલા મોતી ભર્યાં છે તેની તને કલ્પના પણ ક્યાં છે ? ને આ વરસાદી વાદળની કાયા પણ મારામાંથી જ તૈયાર થઈ છે. હું ના હોત તો માનવ જીવનમાં મહત્વનું મનાતું મીઠું પણ ક્યાંથી મળી શકત?'

ઝરણે શાંતિથી સ્મિત કરતાં કહ્યું: 'ભાઈ સાગર, તું ઘણો વિશાળ છે તેની મને ખબર છે. પણ જે મહાન છે તે પોતાની શક્તિનો ગર્વ કરે છે ખરા? બાકી ખરી હકીકત તો એ છે કે તું ખારો છે. તરસ્યાની તરસ તારાથી નહિ પણ મારા જ પાણીથી મટી શકે છે. જીવનથી એટલી સેવા થાય છે તેનો પણ મને સંતોષ છે. ગર્વને ગાળી નાખવા માટે કુદરતે તને ખારો બનાવ્યો છે, ને અમને દીનતા ને નિરાશાથી દૂર રાખવા મધુરતાનું દાન કર્યું છે, એમ મને લાગે છે.'

એ સાંભળીને સાગર શાંત થઈ ગયો. કહે છે કે તેની શાંતિ હજી મટી નથી. તો પણ પુરાણા સંસ્કારની પ્રબળતાને લીધે કોઈ કોઈ વાર તે મદમાં આવીને તોફાને ચઢી જાય છે ખરો.

* * *

## ૪૧. માનવ ને જનાવર

યુદ્ધના શોખીનોએ નવા બનેલા બોમ્બનો પ્રયોગ કર્યો, ને પૃથ્વી કંપી ઊઠી. જળમાં રહેતા કેટલાય જીવો મરી ગયા, તેની કોઈ કલ્પના પણ કરી શક્યું નહિ. માનવોના મનમાં એક વાર ફરીથી ફફડાટ થઈ રહ્યો.

દૂરનાં જંગલી જાનવરો તે દિવસે ભેગાં મળ્યાં, ને તેમણે ઠરાવ કર્યો કે આજ સુધી આપણે જંગલી ગણાતા: પણ માનવની શેખી ને અહંતા હવે આપણે ચાલવા નહીં દઈએ. માનવ પાસે જ્યાં સુધી આવાં શસ્ત્રો છે, ત્યાં સુધી આપણે તેનાથી ઘણાં જ આગળ છીએ. આપણા પર સુધરેલો મનાતો માનવ વધારે હલકા આક્ષેપ કરે તે આપણે ચાલવા નહીં દઈએ, ને તેને સંસ્કૃતિનો એકમાત્ર પ્રતિનિધિ નહીં ગણીએ.

ત્યારથી માનવની મહત્તા જાનવરને મન ઓછી થઈ છે.

* * *

## ૪૨. આંખ ને વિકાર

આંખને ફોડી નાખવાથી જો અવિકારી થવાતું હોત તો તો આંધળાને વિકાર થાત જ નહીં. પણ દુનિયામાં એવું દેખાતું નથી.

કેમ કે વિકારનું મૂળ કારણ મન છે. તેને સુધાર્યા વિના હે સાધક, સંશુદ્ધિની પરમ સીમાએ પહોંચીને તું સિદ્ધિની પ્રાપ્તિ કેવી રીતે કરી શકે? વિકારનું મૂળ મન છે. માટે જ તને ભલામણ કરું છું કે આંખને ફોડવાની ને નવા જનમમાં અંધ બનીને જનમવાની વિચારધારાનો ત્યાગ કરી દે. એવી વિચારધારાથી અવિકારી બનવાનો હેતુ નહીં સરે. મનને વિવેકી કરીને પ્રભુના પ્રેમપ્રકાશે ભરી દે. હે સાધક, તારી આંખમાં પ્રેમનું અમૃતમય અંજન આંજી દે.

આંખને ફાડી નાખવાથી જો અવિકારી થવાતું હોત તો સૌથી પહેલાં હું તેને ફોડી નાખત. પણ મારો માર્ગ તેવો નથી. હું તો ઉઘાડી આંખે જ અવિકારી થવા ને સારીયે સૃષ્ટિમાં પ્રેમરૂપી પ્રભુનું દર્શન કરવા માંગું છું. મારી વાત પર વિચાર કરીને તું પણ પ્રેમરૂપી પ્રભુનું દર્શન કરી લે; હે સાધક, અવિકારી બની જા.



* * *

## ૪૩. કુદરતની લીલા

એક મિત્રે કહ્યું :

‘તાપનો પાર ન હતો. માણસ ને પશુપંખી બળુંબળું થઈ રહ્યાં હતા, ને ધરતીનો ઉકળાટ માતો ન હતો. એટલામાં તો વાદળ એકઠાં થયાં, ચપલા ચમકવા માંડી, ઠંડો પવન શરૂ થયો ને વરસાદ વરસવા માંડ્યો. બધે ઠંડક થઈ ગઈ, ને પાણી ભરાઈ ગયું. કુદરતની કેવી લીલા છે!’

બીજાએ ઉત્તર આપ્યો:

‘કુદરતની લીલા એવી જ અજબ છે. એ પ્રમાણે નિરાશામય જીવનને આશામાં પલટાવવું, તાપથી તપેલા અંતરને શીતળ કરવું ને અંધકારમય મનને પ્રકાશથી ભરપૂર કરવાનું પણ ક્યાં કપરું છે? આજે જ્યાં તાપ ને વિષાદ છે, ત્યાં શાંતિ, શીતળતા ને આનંદ ક્યારે પ્રગટી ઉઠશે તે કહેવાય નહીં. માટે જ માનવે પુરુષાર્થી ને આશાવાદી થવું જોઈએ.’

* * *

## ૪૪. સંસારની શાંતિ

સંસારની શાંતિની વાતો કરનારા માનવ, તારા પોતાના જ અંતરમાં હજી શાંતિનો સૂર્યોદય થયો નથી, એ કેવું અજબ જેવું છે? સંસારની શાંતિ માટે તું દોડ દોડ કરે છે, બોલે છે, લખે છે, ને ભલામણ કરે છે; પણ તારા અંતરમાં તો ડોકિયું કર. તેમાં જલનારી અશાંતિની જ્વાલા જ્યાં લગી કાયમ છે, ત્યાં લગી સંસારની શાંતિનું તારું સ્વપ્ન કેવી રીતે સાચું ઠરશે?

પહેલાં તો તારી પોતાની અંદર શાંતિનો પ્રસાર કરઃ પછી તારા ઘરમાં ને કુટુંબમાં : પછી ગામ, સમાજ ને નગરમાંઃ ને પછી દેશ તથા દુનિયામાં. આ ક્રમનું પાલન કર, ને પાલન કરવાનો સંદેશ ધર, તો તારું સ્વપ્નું સાચું ઠરશે, ને તારો મનોરથ મિથ્યા નહીં થાય.

સંસારની શાંતિની વાતો કરનારા માનવ, તું સંસારનો છે, ને પ્રત્યેક માનવ સંસારનો છે, એ સત્યને શા માટે વિસરી જાય છે? માટે જ કહું છું કે તારી શાંતિની પહેલા સ્થાપના કર.

* * *

## ૪૫. વિનાશીમાં અવિનાશી

એકાંત ઉપવનમાં બે પ્રેમી વચ્ચે વાર્તાલાપ ચાલી રહ્યો હતો.

સ્ત્રીએ કહ્યું: 'આ શરીર નશ્વર છે તેની તમને ખબર છે, છતાં તમે તેમાં પ્રીતિ કરો છો ને તેને પ્રેમ કરો છો, એ ઓછું આશ્ચર્યકારક નથી. આ શરીર ગંદકીનું ઘર છે, છતાં તેને તમે પ્રેમ કરો છો.'

પુરુષે કહ્યું: 'દૂરની નશ્વરતાનો વિચાર કરીને વર્તમાન પ્રત્યે આંખમીંચામણા કરવાની મારી ટેવ નથી. વળી હું શરીરને જ નહીં પણ તેની અંદરના આત્માને પ્રેમ કરું છું. પૂજા પણ તેની જ કરું છું. જ્યાં સુધી એ શરીરમાં પ્રગટ થાય છે ત્યાં સુધી હું તેને પ્રેમ કરીશ, પૂજીશ, ને એનો આનંદ લઈશ. ને શરીરનો નાશ થતાં પણ બધે એનું દર્શન કરીને મનની સ્થિરતા ને શાંતિને સાચવી રાખીશ. કહે હવે મને નશ્વરતાનો શો ભય છે? નશ્વરતાનો વિચાર કરીને ભયભીત થઈને બેસી રહેવાને બદલે, જે વિનાશી છે તેનો આધાર લઈને હું અવિનાશીની પ્રાપ્તિ કરવાનો પ્રયાસ કરીશ.'

સ્ત્રીનું હૈયું પ્રેમની આ આર્ષવાણી સાંભળીને ભરાઈ આવ્યું, ને તે પુરુષને ભેટી પડી. તેણે કહ્યું: 'મને તમારા હૃદયની ખબર ન હતી. જન્માંતર જો નક્કી જ હોય તો દરેક જન્મમાં મને તમારી પ્રાપ્તિ થાય, ને તમારી સેવા કરવાનો અવસર મળે, તે માટે હું પ્રાર્થના કરીશ.'

આજથી અંતરના ઊંડાણમાં કાયમ કામના કરીશ.

* * *

## ૪૬. ચલ ને અચલ પ્રેમ

સાગરના તટ પર બેઠેલાં બે પ્રેમી સમી સાંજે વાત કરતાં હતાં. સ્ત્રીએ કહ્યું: ‘હું તમારા વિના એક ક્ષણ પણ જીવી શકું તેમ નથી. તમે મારા પ્રાણ છો, પ્રાણાધાર છો, મારા જીવનની ગતિ છો. આપણે આમ ચોરીછૂપીથી મળીએ ને પ્રેમ કરીએ તેના કરતાં લગ્નની ગાંઠે વહેલામાં વહેલાં બંધાઈ જઈએ તે વધારે સારું છે.’

પુરુષ તેના સંધ્યાની સુરખી ભરેલા મુખને એકીટશે જોઈ રહ્યો ને તેની મધુરતાનું પાન કરવા લાગ્યો.

એ પછી એક સાંજે બેય છૂટાં પડ્યાં.

ચાર વરસ વીતી ગયાં ને એક ત્રીજી સાંજે બંને પાછા ભેગાં મળ્યાં. પણ વડીલોની વચ્ચે દિલ ખોલીને વાતો ના કરી શક્યાં. તેમની એ મુલાકાત આકસ્મિક ને તદ્દન ટૂંકી હતી.

પાંચમે વરસે પરદેશ ગયેલા પુરુષનું તે નગરમાં ફરીવાર આગમન થયું. સ્ત્રીને તેણે તેની સખી સાથે પોતાના આગમનનો સંદેશ પહોંચાડ્યો. તે સાંભળીને સ્ત્રીએ તરત ઉત્તર આપ્યો: ‘મને હવે કશામાં રસ નથી. ને કામ એટલું બધું છે કે કોઈને પણ મળવાનો મને વખત જ ક્યાં છે?’

એ વખત પણ સમી સાંજનો હતો.

આશ્ચર્ય એ હતું કે એ ઉત્તર સાંભળ્યા છતાં પણ પુરુષનો પ્રેમ એવો જ અચલ હતો. કેમ કે તે વિવેકવાળો ને બદલાની ઈચ્છા વિનાનો હતો.

* * *

## ૪૭. તૃણની કિંમત

અજ્ઞાની, આળસુ ને કોઈનાય કામમાં ના આવનારા માણસના જીવનને તણખલાની સાથે સરખાવતા ફિલસૂફે મોટા મેદાનમાં પ્રવેશ કર્યો, ત્યાં જ તેનો ભ્રમ ભાંગી ગયો.

મેદાન આખું લીલા ઘાસથી ઢંકાઈ ગયું હતું, ને તેના પર ચરનારાં અસંખ્ય ઢોર શાંતિથી ફરી રહ્યાં હતાં. જે તૃણને તે તુચ્છ માનતો હતો, તે કેટલાય પશુનું તૃપ્તિનું કારણ બનતું હતું.

તેને ખાતરી થઈ કે તેની સરખામણી ખોટી નથી.

* * *

## ૪૮. જ્યોતિર્ધરોની સ્મૃતિ

તમારી સાથે સંબંધ સાધી ચૂકેલા તમારી જ આકૃતિ જેવા હજારો જ્યોતિર્ધરો આ સંસારમાં થઈ ગયા છે: હજારો પયગંબરો આ પૃથ્વીમાં પ્રકાશ પાથરી ગયા છે, ને અનેક રાહબરો રાહ બતાવી રહ્યા છે. તેમનું સ્મરણ કરીને મારું હૃદય ભાવથી ભરાઈ જાય છે.

એમનો વિચાર કરીને મારું હૃદય રણકી ઊઠે છે : હજારો જ્યોતિર્ધરોની જેમ હું પણ જ્યોતિ ધરી શકું, પ્રકાશનું મોટું નહિ તો નાનું પણ કિરણ રેલીને કો'કના જીવનને અજવાળી શકું! સંસારને શાંતિ દઈ શકું, પ્રેમથી પરિપ્લાવિત કરી શકું, ને અમરતાનો માર્ગ બતાવી શકું! હજારો રાહબરોની જેમ હું પણ કો'કના જીવનને શાંતિમય કરું ને રાહ ચીંધી શકું!

* * *

## ૪૯. દૈવી લોચન માટે પ્રાર્થના

પવિત્રતા ને પ્રેમમાં તમે સૌને માટે પ્રગટ થયા છો, ને સુંદરતા ને શીલમાં સદાને માટે શ્વાસ લો છો. તો પણ આશ્ચર્ય છે કે તમને મેળવવા માટે માણસ આમતેમ ફાંફા મારે છે, ને એકાંતમાં જઈને આસન વાળે છે.

સત્ય ને દયામાં તમે સ્મિત કરો છો, ને કોમળતામાં કલરવ કરીને અંતરને આનંદ આપો છો. તો પણ આશ્ચર્ય છે કે તમને મેળવવા માટે માણસ આમતેમ ફાંફા મારે છે, ને એકાંતમાં જઈને આસન વાળે છે.

સુંદર ને અસુંદર, પવિત્ર ને અપવિત્ર, તમારું રૂપ બધે જ રમ્યા કરે છે. એવું કયું સ્થાન છે જ્યાં તમે ના હો, ને એવો કયો કાળ છે જે તમારાથી પર હો?

પ્રાર્થના એટલી જ છે કે તમારી પ્રતિમાનું દર્શન સૌમાં થઈ શકે તે માટે લોચનનું દાન દો, હે દયામય, અંતરના દૈવી લોચનનું દાન દો!



* * *

## ૫૦. પ્રાર્થના

પ્રેમ સૌના પર થાય પણ મોહ કોઈનાય પર ના રહે એવી કૃપા કરો!

સંબધ ભલે સૌનો સચવાઈ રહે, પણ સંસક્તિ કોઈનીય ના થાય, એવો આશીર્વાદ આપો, હે અમૃતમય, એવો આશીર્વાદ આપો!

સેવા સૌની થાય ને દયાથી દિલ દ્રવી જાય, પણ મમતા કોઈનાયમાં ના થાય એવી કૃપા કરો, હે અંતર્યામી, એવી કૃપા કરો!

સાધના સઘળા પ્રકારની ને સંપૂર્ણપણે કરવામાં આવે, પણ સ્વાર્થને સદાને માટે દૂર રહે, એવો આશીર્વાદ આપો, હે અમૃતમય, એવો આશીર્વાદ આપો! સૌમાં તમારું દર્શન કરીને અંતર આનંદ અનુભવે ને સૌને સુખી કરવાનો પ્રયાસ કરે એવી કૃપા કરો, હે અંતર્યામી, એવી કૃપા કરો!

* * *

## ૫૧. મઢુલીની ચિંતા

ચોમાસું વીતી રહ્યું છે પણ વરસાદ વરસતો નથી. ખેડૂત ને જનતાનાં મનમાં મુંઝવણ થઈ રહી છે. ઠેકઠેકાણે યજ્ઞો થઈ રહ્યા છે, ને પ્રાર્થના કરાય છે. વરસાદ વરસતો નથી તેથી માણસોના મન ઊંચાં થયાં છે.

એવા સંકટના સમયમાં બે બાળકો એક એકાંતવાસી મહાપુરુષના આશ્રમમાં ગયા. મહાત્મા પુરુષને પગે લાગીને તે બેઠા. વરસાદની વાત નીકળતાં મહાપુરુષે કહ્યું: ‘બાળકો, વરસાદ નથી આવતો તેથી મને આનંદ થાય છે. વરસાદ વખતે મારી મઢુલી ચૂવે છે. એટલે વરસાદ ના વરસે તેવી મને ઈચ્છા રહે છે.’

બાળકો બોલ્યાં: ‘પ્રભુ, તમને મઢુલીની ચિંતા છે પણ અમને તો સારા સંસારની છે. તમે પણ સંસારને માટે વરસાદની કામના કરો. બહુ બહુ તો એટલી ઈચ્છા કરો કે તમારી મઢુલીમાં ચુવે નહીં. પણ સંસારની ચિંતા કરવામાં આનંદ માનો એવી અમારી પ્રાર્થના છે.’



* * *

## પર. કિશોર ને કામિની

દરિયાકિનારે માણસોનો મેળો ભરાયો હતો. સ્ત્રી, પુરુષો ને બાળકો સુંદર પોષાકો પહેરીને ફરવા નીકળી પડ્યાં હતાં. દરિયાકિનારે જાણે મેળો ભરાયો હતો.

એક અતિશય સુંદર યુવતી પણ તેમાં ફરી રહી હતી. દરિયાના પાણીમાં ઊભી રહીને તે અંજલિ આપતી ને ગીત ગાતી.

માણસો તેના તરફ એકીટસે જોયા કરતાં. કોઈ કહેતાં કે આવી સુંદરી આ શહેરમાં ભાગ્યે જ બીજી હશે. તો કોઈ તેના કોમળ સ્વરની પ્રસંશા કરતાં. મેળામાં એક કિશોર પણ આવ્યો હતો, તે પણ એ યુવતી તરફ તાકીને જોયા કરતો. આશ્ચર્ય એ હતું કે તેની આંખ ભીની હતી.

યુવતીએ તેનું કારણ પૂછ્યું તો તેણે ખુલાસો કર્યો: 'તમારું રૂપ ખરેખર અજોડ છે. મારી જેમ બીજા કેટલાયની આંખનું એ આકર્ષણ બન્યું છે. પણ આંસુ મને એ વિચારથી આવે છે કે આ ઉત્તમ રૂપ પણ આખરે તો કરમાઈ જશે: આ સુંદરતમ શરીર પણ એક દિવસ રાખમાં મળી જશે : કાળ આના પર પણ કૃપા નહીં કરે.'

* * *

## ૫૩. જગદંબાની ઝાંખી

એકની એક અંધ માતાનો ત્યાગ કરીને યુવાને વનનો માર્ગ લીધો ને જગદંબાના સાક્ષાત્કારને માટે સતત સાધનાની શરૂઆત કરી.

અન્નજળના ત્યાગથી તેનું શરીર કમજોર ને કૃશ થઈ ગયું ને આંખો ઊંડી જતી રહી. ત્યારે એક રાતે અચેત અવસ્થામાં એને સ્વપ્ન આપીને જાણે જગદંબાએ કહેવા માંડ્યું : 'મારો ત્યાગ કરીને તું મારી પ્રાપ્તિ કેવી રીતે કરી શકશે? મને ઓળખી પણ કેવી રીતે શકશે? મારી કૃપાની કામના હોય તો અંધ માતામાં પહેલાં મારી ઝાંખી કર. પહેલાં એ વૃદ્ધ માતાની સેવા કર.'

યુવાનનો ભ્રમ ભાંગ્યો, ને તે સસ્મિત પાછો ફર્યો.

* * *

## ૫૪. પ્રભુની સ્તુતિ

સંગીતના સરોદની સાથે પ્રભુની સ્તુતિ શરૂ થઈ ને મંદિરનું વાતાવરણ સુમધુર બની રહ્યું. ગાયકો ખૂબ આનંદમાં ગાવા લાગ્યા ને દર્શકો તાલ દઈને તેમને સાથ આપવા માંડ્યા. પર્વતના પ્રદેશમાં આવેલા મંદિરમાં સંગીતની સુરાવલિ સાથે સ્તુતિ શરૂ થઈ.

એકાદ કલાકની સ્તુતિથી વાતાવરણ સજીવ બની ગયું. રોજનો કાર્યક્રમ પૂરો કરીને ગાયકો વિદાય થયા, ને દર્શકો પણ વીખરાવા લાગ્યા. મેં પણ પ્રભુને પ્રણામ કરીને ચાલવા માંડ્યું. ત્યાં તો મારા ચરણ અચાનક અટકી ગયાં. મંદિરની બહારના દરવાજા આગળ એક વૃદ્ધા બે હાથ જોડીને ઊભી હતી. એને જોઈને મારું અંતર અનુરાગથી અંજાઈ રહ્યું. એની મૂક સ્તુતિ ગાયકોની સંગીતમય સ્તુતિથી ચઢિયાતી લાગી : પ્રાણને વધારે પ્રમાણમાં સ્પર્શી ગઈ.

* * *

## ૫૫. મહાપુરુષને પ્રણામ

દીન દુઃખી ને અનાથને માટે જેણે જીવનને ધારણ કર્યું, ને મુરઝાયલાં ને મૂંઝાતાને મદદ કરી, તે મહાપુરુષને મારા પ્રણામ છે, અનેકાનેક પ્રણામ છે!

અનાચાર, અત્યાચાર ને શોષણની સામે મસ્તક ઊંચુ કર્યું, ને પીડાયેલાને પોષણ પહોંચાડવા જેણે પ્રયાસ કર્યો તે મહાપુરુષને મારા પ્રણામ છે, અનેકાનેક પ્રણામ છે!

સત્ય ને શાંતિને માટે જેણે પરિશ્રમ કર્યો, ને પ્રેમ ને અનાસક્તિના પતિતપાવન મંત્રને વિશ્વને માટે વહેતો મૂક્યો, તે મહાપુરુષને મારા પ્રણામ છે, અનેકાનેક પ્રણામ છે!

જુગો સુધી જલતી રહે છતાં ઓલવાય કે ઓછી થાય નહીં એવી પ્રેરણાની જ્યોતિ જેણે જગત આગળ જાગતી કરી તે મહાપુરુષને મારા પ્રણામ છે, અનેકાનેક પ્રમાણ છે!

ધર્મ ને સદાચારની સ્થાપના માટે જેની કાયા હતી, ને ભક્તોના મંગલ ને જીવનમાત્રના હિતની જેના દિલમાં ભાવના હતી, તે મહાપુરૂષને મારા પ્રમાણ છે, અનેકવાર પ્રણામ છે!

મારા પર તેની કૃપા થાય ને મારું જીવન પણ તેના જેવું મંગલ બની જાય, એવી પ્રેરણા પાનારા તે મહાપુરૂષને મારા પ્રણામ છે, અનેકવાર પ્રણામ છે.

* * *

## ૫૬. પ્રેમની પ્રાર્થના

મારા હૃદયમાં તમારે માટે જે પ્રેમનો પારાવાર પડેલો છે, તેનું દર્શન તમને કેવી રીતે કરાવી શકું? તમારે માટે હું ખરેખર આતુર છું. વિહ્વળ ને બેચેન છું. મારા અંતરમાં તમારે માટેનો જે અનુરાગ છે, તેનું આલેખન કેવી રીતે કરી બતાવું?

મારે માટે તમારા દિલમાં લેશ પણ લાગણી હોય તો હવે તમે વિલંબ ના કરો: વહેલામાં વહેલી તકે પધારો: મારા શરીરે સુકોમળ કર ફેરવીને મને શાંતિ આપો, ને મારા આંસુનો અંત આણો. મારે માટે લેશ પણ લાગણી હોય તો વિલંબ ના કરો.

લાંબા વખતે, એક દિવસ એકાએક ભેગાં થયેલા આ માતા ને બાળકને જોઈને મારું હૃદય તમારે માટે તલસી ઊઠે છે: તમને મળવા માટે બેચેન બને છે. મારે માટે તમારા હૃદયમાં લેશ પણ લાગણી હોય, તો હવે તમે પ્રગટ બનો ને મને ભેટી પડો.

* * *

## ૫૭. પૂર્વગ્રહનો પાશ

એકાંતમાં તપ કરીને ઈશ્વરની કૃપા પામી ચૂકેલા તપસ્વીનું દર્શન કરવા લોકો એકઠાં થતા હતાં. પર્વતની તળેટીમાં નદીના તટ પર તેની મઢુલી હતી.

વસંતની એક વહેલી સવારે દૂર દેશથી આવેલા બે પ્રવાસી તેના દર્શન માટે ચાલી નીકળ્યા. મઢુલીની અંદર ને બહાર દર્શનાર્થી માણસોની મેદની મળી હતી. તેની અંદરથી પસાર થઈને તે તપસ્વીની પાસે જઈ પહોંચ્યાં.

નાની ઉંમરના પ્રવાસીએ પુષ્પોથી પૂજા કરીને તપસ્વીને પ્રણામ કર્યા: પણ મોટો પ્રવાસી તેને જોતાંવેંત બોલી ઊઠ્યાં: ‘અરે, લોકોનો પ્યારો ને પંકાયેલો તપસ્વી શું આજ છે? આને તો હું સારી રીતે ઓળખું છું. આ તો આ અગાઉ અનેક અપરાધો કરી ચૂકેલો છે. એને પ્રણામ કરવાની ને પૂજવાની મારી ઈચ્છા નથી.’

નાના પ્રવાસીએ નિસાસો નાખીને કહ્યું: ‘મને ખેદ થાય છે કે તું કેવળ ભૂતમાં જ ભમ્યા કરે છે, ને વર્તમાનનું દર્શન નથી કરી શકતો. મને આશ્ચર્ય થાય છે કે તું વિવેકી છે છતાં પણ જેને ઈશ્વર ચાહે છે, ને અપનાવે છે, તેને નથી ચાહી શકતો, તારો માનીને નથી અપનાવી શકતો.’

* * *

## ૫૮. ઊંઘ ને ઈશ્વર

'ઈશ્વરની શક્તિનો વિચાર કરવો હોય તો તું ઊંઘનો વિચાર કર. તારું બધું જ બળ ઊંઘમાં અદૃશ્ય થઈ જાય છે, સ્મરણ સુકાય જાય છે ને પરવશ બનીને તું લાંબો વખત પડ્યો રહે છે. ઈશ્વરની શક્તિનો વિચાર કરવો હોય તો એ ઊંઘનો વિચાર કર.'

'ઊંઘની એ દશામાંથી ઈશ્વરની ઈચ્છાથી એની કુદરતી શક્તિ તને બહાર ના લાવે તો બહાર આવવાની તારામાં કે કોઈનામાં તાકાત જ ક્યાં છે? મૃત્યમાં ને તારામાં તો કેટલું અંતર છે તેની કલ્પના કર. ઈશ્વરની એ શક્તિનું સ્મરણ કરીને તું નમ્ર ને ઈશ્વરપરાયણ બન એ જ મારે કહેવાનું છે.'

ઊંઘમાંથી ઉઠેલા શિષ્યને ગુરુએ ઉપદેશ આપ્યો.

* * *

## ૫૯. લક્ષ્મીપૂજન

લક્ષ્મીપૂજનને દિવસે લોકો લક્ષ્મીનું પૂજન કરી રહ્યા હતા, ત્યારે હું ગામ-બહાર ફરવા નીકળી પડ્યો. ત્યાં જે જોવામાં આવ્યું તેથી મને આશ્ચર્ય થયું. એક સ્ત્રી ને પુરુષ પોતાના ખેતરની પૂજા કરતા હતા.

મારા આશ્ચર્યને ઓળખી લઈને તેમણે ઉત્તર આપ્યો: 'અમારી લક્ષ્મી તો આ જ છે. આ જ ધરતીમાતા. બીજી લક્ષ્મીને અમે ક્યાંથી ઓળખીએ? આને લીધે જ અમારી શ્રી ને સંપત્તિ ટકી રહે છે. આ જ અમારી જીવાદોરી છે. એનું નહીં તો બીજા કોનું અમે પૂજન કરીએ?'

મને તેમનું પૂજન જોઈને આનંદ થયો. પૂજાની ભાવના આમ સૌના દિલમાં રમવા માંડે તો? એ વિચાર સાથે હું વિદાય થયો.

* * *

## ૬૦. લાકડાં ને નાવ

સાગરનાં મજબૂત મોજાંમાં બેચાર લાકડાં આમતેમ અથડાતાં તણાતાં જતાં હતાં. તેમને કિનારે પહોંચવાની કામના હતી. પણ કિનારે કોણ પહોંચાડે? ઉત્તુંગ તરંગોમાં તે આમતેમ અથડાતાં જતાં હતાં.

એટલામાં એક નાવ ત્યાં થઈને પસાર થયું. નાવિકને દયા આવી, ને તેણે તેમને પોતાનાં માણસો પાસે ઉપડાવીને નાવમાં ગોઠવી દીધાં. ઈશ્વરની કૃપાથી તેમની ચિંતા ટળી ને વેદના શમી ગઈ.

નાવમાં બેઠેલા કવિનું હૃદય એ જોઈને બોલી ઉઠ્યું: 'અશાંતિના સાગરમાં અથડાતાં ને ધ્રુવપદની પ્રતીક્ષા કરતાં કરોડો પ્રવાસી બાલોને આશ્રય આપવા ને બહાર કાઢવા મહામાનવરૂપી નૌકા બનીને તમે પ્રગટ થાવ ને તમારું ને તમારા જીવોનું જયગાન આ જગતમાં જગાડી જાવ!'

* * *

## ૬૧. બંધનમાંથી મુક્તિ

પાર વિનાનાં બંધનથી પોતાની મેળે બંધાયેલો બાળક બંધનને જોઈને વિચારમાં પડે છે, શોકે ભરાય છે, ને બંધનથી છૂટવા મહેનત કરે છે.

બંધન ભારે ને એક નહિ પણ અનેક છે. તેમાંથી છૂટવાનું મુશ્કેલ લાગતાં તે રોષે ભરાય છે, તે આંસુ પણ સારવા માંડે છે. દૂર ઊભેલી માતા ત્યારે પાસે આવે છે, ને દયાની દેવી બનીને બંધન તોડી નાખે છે. બાળક હવે ઉલ્લાસમાં આવીને રમવા માંડે છે.

એ જોઈને મને વિચાર આવે છે કે અનેકાનેક બંધનમાં બંધાયેલો જીવ તમારી કૃપા વિના આઝાદીનો આનંદ કેવી રીતે મેળવી શકે! બંધનને તોડવા જે મહેનત કરે છે ને ઝંખે છે, તેને બંધનમુક્ત કરવામાં તમે વિલંબ ના કરો, હે મા, તમે વિલંબ ના કરો: એ પ્રાર્થના મારા હૃદયમાં ટપકી પડે છે!



* * *

## ૬૨. શાંતિની કિંમત

અંતર જ્યારે અશાંત બને છે ત્યારે તમારી તરફ મીટ માંડે છે ને શાંતિની કામના કરે છે. ધગધગતા અંગારમાં જ્યારે અટવાવું પડે છે, ત્યારે તમારી શીતળ સ્નેહસુવાસની ઈચ્છા કરે છે. પીડાપીડિત પ્રાણ તમારા પીયૂષને તલસ્યા કરે છે. અંતર જ્યારે અશાંત બને છે ત્યારે તમારી તરફ મીટ માંડે છે.

ત્યારે જ તેને શાંતિની કિંમત સમજાય છે ને આરામનું મૂલ્ય આંકી શકે છે. એટલા માટે તે પ્રાર્થે છે કે હે પ્રભુ, અશાંતિમાં અટવાતાં ને પીડાથી પીડાતા જીવો શાંતિ ને આરામ મેળવે, ને તે માટે તે મદદરૂપ બને, એવી કૃપા કરી દો. હે અંતર્યામી, એવી કૃપા કરી દો!

* * *

## ૬૩. સમાધિની ચિંતા નથી

સમાધિને ચઢાવવાની ને ઉતારવાની મને ચિંતા નથી. તેવી ચિંતામાં પડવું હોય તે ભલે પડે: પ્રિયતમ પ્રભુની સ્ફુરણા મને અંદર ને બહાર બધે થઈ રહી છે. એટલે આંખ મીંચવાની ને ઊઘાડવાની મને ચિંતા નથી.

જે દેખાય, સંભળાય ને અનુભવાય છે તે પ્રભુનું જ સ્વરૂપ છે. પ્રભુ જ આ સૃષ્ટિના સ્વરૂપમાં સાકાર થઈને રમી રહ્યા છે. એ અનુભવનો મને આનંદ છે. એટલે પ્રાણાયામ ને તપની મને તમા નથી. સાધનાની મને ચિંતા નથી.

મારો માર્ગ પ્રેમનો છે, ને તે દ્વારા મને પ્રિયતમનો મેળાપ થઈ રહ્યો છે. હવે મને શાંતિ છે. મારી આંખ ને મારા રોમરોમમાં અમી છે. ભય ને શોકની મને ચિંતા નથી. સમાધિને ચઢાવવાની ને ઉતારવાની મને ચિંતા નથી.



* * *

## ૬૪. પ્રભુનો પ્રસાદ

મંદિરમાં આરતિ ને ઘંટનાદ થઈ રહ્યા છે. રાજભોગની હવે તૈયારી છે. ભક્તોની ભીડ ઘણી ભારે છે. હાથમાં પ્રભુને ધરાવવાનો પ્રસાદ લઈને ભક્તો એક પછી એક આવ્યા જ કરે છે.

પ્રભુનો એક પ્રેમી ભક્ત એટલામાં ઉતાવળો ઉતાવળો આવી પહોંચે છે. તેના હાથમાં પ્રસાદની થાળી છે. પણ તેનાં ચરણ આગળ વધતાં અટકી જાય છે. મંદિરની બહાર પગથિયાં પાસે જ એક ભિખારી સૂતો છે. તેને જોઈને તે કંપી જાય છે. ભૂખ્યો ભિખારી ભોજન માટે પોકાર પાડે છે. મંદિરના કોલાહલમાં તેને કોણ સાંભળે?

ભક્તનું હૃદય દ્રવી ઊઠે છે, ને તે નીચે બેસી જાય છે. મારા પ્રભુ, તમે જે રૂપમાં છો તેમાં તમને મારાં વંદન છેઃ તે બોલી ઊઠે છે, ને પ્રસાદની થાળી ભૂખ્યા ભિખારીની સામે મૂકી દે છે.

ભિખારીની આંખમાંથી પ્રભુ પોતે જાણે કે આશિષ આપે છે.

* * *

## ૬૫. મહાપુરુષોનું મંડળ

પ્રેમી ભક્તે કઠોર તપ કર્યું ને પ્રભુ તેની સામે પ્રકટ થયા. ભક્તે કહ્યું: 'પ્રભુ, મને તમારી સાથે લઈ લો: તમારા અલૌકિક ને ઉત્તમ ધામમાં લઈ લો.'

પ્રભુએ કહ્યું: 'પ્રેમી, તારી વાત મને મંજૂર છે. પણ વિચાર તો કર કે તારા જેવા ભક્તોની રક્ષા માટે મારે પણ અવતાર લેવો પડે છે. એટલે પૃથ્વી પરના આ જીવનની મારે માટે આહુતિ આપવી બરાબર નથી. હું ઈચ્છું છું કે તું મારી વાત પર બરાબર વિચાર કરી લે.'

'તો પછી તમે જ કહો પ્રભુ કે મારે શું કરવું?'

'એ જ કે તું સંસારમાં જ રહે, ને માનવજાતિને મારા મહિમાની કથા કહે. અશાંતને એ રીતે તું શાંતિ દે. હું તારી સાથે જ રહીશ. મને તું તારી સાથે લઈ લે, ને સંસારના અણુએ અણુમાં મારા ધામનું દર્શન કરી લે. એમ કરીશ તો મારા ધામમાં આવવાની તારી કામના શમી જશે: મારું ધામ તારાથી દૂર નહીં રહે.'

ભક્તે ભગવાનની વાત કબૂલ રાખી ને ભગવાને તેને આશીર્વાદ આપ્યો. ત્રિતાપને તરી જઈને બીજાને તારવા તૈયાર થનારા મહાપુરુષોના મંગલમય મંડળની તે ધન્ય દિવસથી શરૂઆત થઈ. તે આજે પણ ચાલ્યા કરે છે. જે ચાહે તે તેમાં શામેલ થઈ શકે છે.

* * *

## ૬૬. ઉપદેશની યોગ્યતા

ભૂમિહીનોને માટે ભૂમિ એકઠી કરવા એક લોકસેવક ફરી રહ્યા હતા. ગામે ગામ તેમનાં પ્રવચન ચાલતાં હતાં. તેમને સાંભળવા લોકો ટોળે મળતા ને ભૂમિ તથા ધનને અર્પણ કરતા હતાં.

અનિકેત જેવા એ લોકસેવકની સાથે એક લોકકવિ પણ ફરતાં હતાં. તેમનો સ્વર ઘણો મીઠો ને બુલંદ હતો. તેમને પ્રવચન કરવા ને ગીત સંભળાવવા લોકસેવક વારંવાર કહેતા હતા, પણ કવિ તે માટે સાભાર ના પાડતા હતા.

આખરે લોકકવિ લોકસેવકને લઈને પોતાના ગામમાં આવી પહોંચ્યાં. આંખમાં આંસુ સાથે પોતાની પરંપરાગત ભૂમિનો મોટો ભાગ લોકસેવકના ચરણમાં ધરી દઈને તે કહેવા માંડ્યા: 'આજે મને શાંતિ વળી. આજે હું તમારા કહ્યા પ્રમાણે ગીત ગાઈ સંભળાવીશ. મારા પ્રભુ, ભૂમિનો માલિક બનીને હું ભૂમિનું દાન કરવાનો ઉપદેશ કેવી રીતે આપી શકું? સ્વયં સ્વાર્થી બનીને બીજાને નિસ્વાર્થ બનવાનો સંદેશ કેવી રીતે આપી શકું? માટે જ હું શરમાતો હતો. આજે મારી શરમ દૂર થઈ.'

* * *

## ૬૭. ફૂલની પ્રેરણા

પર્વતના એકાંત પ્રદેશમાં કાલે એક બીજા સાધુનો સમાગમ થયો. તેના નાનાસરખા મકાનમાં એક કમળનું ફૂલ પડ્યું હતું. તેની આગળ અગરબત્તી સળગતી હતી.

મેં તેને પૂછ્યું: 'આ ફૂલનું પ્રયોજન શું? એની આગળ અગરબત્તી કેમ સળગે છે?'

તેણે ઉત્તર આપ્યો: 'પ્યારા પ્રવાસી, પ્રયોજન તમે કોને કહો છો તેની મને ખબર નથી. પણ આ ફૂલ મને શિક્ષા આપે છે કે જીવનને આ રીતે વિકસિત ને સુવાસિત કરવાનું છે. તેથી તેને રોજ મારી સામે રાખવાની મને ટેવ પડી છે.'

'પણ ફૂલ તો ખીલીને કરમાય જાય છે. જીવનના વિકાસનું ફૂલ પણ તેમ કરમાય જાય છે?' મેં દલીલ કરી.

'ના, પ્યારા પ્રવાસી,' સાધુએ કહેવા માંડ્યું: 'જીવનના ફૂલનું તેવું નથી. તેની સુવાસ તો શાશ્વત છે. ખીલ્યા પછી તે કરમાતું નથી.'

ને મને સંબોધીને કહેવા માંડ્યું: 'તમે પણ કોઈ ફિલસૂફ લાગો છો. તમને મારા વંદન છે.'

મેં કહ્યું: 'ના, હું ફિલસૂફ નથી. હું તો એક ફૂલ છું. સંસારના સ્વર્ગનું એક સાધારણ ફોરમવંતુ ફૂલ છું.'

* * *

## ૬૮. જીવદયા

ગંગામાં સ્નાન કરવા નીકળેલા એક ભાવિક પુરુષની આગળ એક કંગાલે કાલાવાલા કરતાં કહેવા માંડ્યું: ‘ભગવાન તમારું ભલું કરશે, મને એક પાશેર ચણા અપાવી દો. હું બે દિવસનો ભૂખ્યો છું. ભગવાન તમારું ભલું કરશે.’

તે વૃદ્ધ કંગાળને જોઈને પેલા પુરુષે મોં મચકોડ્યું, ને પોતાની અશક્તિ જાહેર કરી બીજાની પાસે માંગવાની સૂચના કરી.

પરંતુ કંગાળની કામના મટી નહિ. પેલો ભાવિક પુરુષ એક દુકાન પર જઈને ઊભો રહ્યો. ત્યાં પહોંચીને તેણે કહેવા માંડ્યું : ‘વધારે નહિ તો મને એક પાશેર લોટ અપાવો. ઘેર મારાં બાળકો ભૂખે સૂતાં છે. તેમને હું રોટલા ખવડાવીશ. વધારે નહીં તો મને એક પાશેર લોટ અપાવો.’

પેલા પુરુષે રોષમાં આવી જઈને પોતાને વધારે નહિ પજવવાની આજ્ઞા કરી; નહિ તો પરિણામ માઠું આવશે એવું પણ ભવિષ્ય ભાખ્યું.

તે પછી તે ભાવિક શેર લોટની ખરીદી કરીને સીધો ગંગા કિનારે ગયો, ને લોટની નાની નાની ગોળી વાળીને પાણીમાં ટોળે વળતી માછલીને ખવડાવવા લાગ્યો. વધુમાં પાસે બેઠેલા લોકોને તે જીવદયાની ભલામણ પણ કરવા માંડ્યો. પેલો વૃદ્ધપુરુષ દૂરથી ઊભોઊભો એ દેખાવ જોતો રહ્યો, પણ પાસે આવવાની હિંમત ન કરી શક્યો.

* * *

## ૬૯. શ્રીમંતનું દાન

દાન આપવાની ઈચ્છાવાળા શ્રીમંતે શહેરના એકાંત ઉદ્યાનમાં એક સાધુને જોયો, ને તેને દાનનો અધિકારી માની ધન ને વસ્ત્રનો ભંડાર તેની આગળ ઠાલવવા માંડ્યો.

પણ સાધુએ તે લેવાની ના પાડી. 'પ્રભુના દરબારમાં મને કોઈ વાતની ખોટ નથી.' તેણે ઉત્તર આપ્યો: 'મારા દયાળુ દીનબંધુના દરબારમાં કોઈ વસ્તુની ખોટ નથી.'

ફાટ્યાં તૂટ્યાં વસ્ત્રોમાં વીંટાયેલા મજુર દંપતિને દાનના અધિકારી માનીને તે પછી તે શ્રીમંત તેમની પાસે ઊભો રહ્યો, ને તેમને દાન લેવા કહેવા લાગ્યો. પણ તેમના આશ્ચર્ય વચ્ચે તેમણે પણ ના પાડી. 'મજૂરી કરવાની શક્તિ છે ત્યાં સુધી અમને કોઈ વાતની ખોટ નથી.' તેમણે ખુલાસો કર્યો: 'આજે શ્રમનો રોટલો રળવાની હિંમત છે, ને કાલની ચિંતા નથી. પ્રભુ પર શ્રદ્ધા છે એટલે કાલની ચિંતા નથી.'

ત્યારે તે શ્રીમંતને ખરેખર મુંઝવણ થઈ. વધારે પડતું ધન એકઠું કરવા ને તેનો ઉપયોગ નહિ કરી શકવા માટે તેને વિષાદ થયો.

પણ એટલી વારમાં એની મુંઝવણ ટળી ગઈ. એક મોટા મંદિરના મુખિયાની તેને મુલાકાત થઈ ગઈ. તેણે કહ્યું: 'ભગવાનનો ભંડાર તમારે માટે ઉઘાડો છે. તેમાં યથાશક્તિ દાન કરવાથી તમે સુખી થશો ને સદગતિની પ્રાપ્તિ કરશો. ને બીજા દાન ઉપરાંત પચાસેક હજારના ભગવાનના મુકુટ માટે તેણે ભિક્ષા માગી.'

મંદિરમાં વિરાજેલી ભગવાનની મૂર્તિ એ જોઈને જાણે ઠરી રહી.

* * *

## ૭૦. સંત અને સમતા

સમતા ના રાખે તે સંત કહેવાય નહિ, હે સાધક, સમતા ના રાખે તેને સંત કહેવાય નહિ.

જે સાગર જેવો શાંત ને ચંદન જેવો શીતળ રહે નહિ, ને જેનામાં મધુ જેવી મધુરતા મળે નહિ, તેને સંત કહેવાય નહિ; હે સાધક સમતા ના રાખે તેને સંત કહેવાય નહિ.

મારા ને તારાના ભેદથી જેનું મન ભરેલું ને રાગદ્વેષથી બળેલું હોય તેને સંત કહેવાય નહિ. હે સાધક, સમતા ના રાખે તેને સંત કહેવાય નહિ.

મોટા ને નાના તેમજ સ્ત્રી ને પુરુષના ભેદભાવ દૂર કરીને સૌની અંદર પરમાત્માના પ્રકાશને જોતો હોય તથા પ્રેમ ને અહિંસાથી ઓપતો હોય, તે જ સંત છે. બાકી જે સ્તુતિ ને નિંદાથી ચલિત થાય, શુભાશુભથી ડગે ને અહંકારમાં અટવાયા કરે, તેને સંત કહેવાય નહિ. હે સાધક, સમતા ના રાખે તેને સંત કહેવાય નહિ.

સંતપદની પ્રાપ્તિ માટે સમતાનો ઉપાસક થા ને સમતામાં પ્રતિષ્ઠિત થા; કેમ કે સમતા ના રાખે તેને સંત કહેવાય નહિ. હે સાધક, સમતા ના રાખે તેને સંત કહેવાય નહિ.

* * *

## ૭૧. સુધારણા પોતાની ને બીજાની

બે યુવાનોએ એક દિવસ મારી મુલાકાત લીધી. તે કહેવા માંડ્યા : 'અમારે પૃથ્વીને પલટાવી દેવી છે. સમાજને સુધારવો છે. તે માટે શું કરવું તે કહી બતાવો. અમે આખીએ દુનિયાને દૈવી કરવા માગીએ છીએ.'

મેં તેમની પાસે મધનું એક ટીપું પાડ્યું. થોડી વારમાં ત્યાં કીડીની કતાર જામી ગઈ. તે જોઈને તેમને કહ્યું : 'તમે શું જોયું ?'

'મધનો સ્વાદ લેવા કીડીઓ ટોળે વળી છે.' તેમણે ઉત્તર આપ્યો.

'એમાં તમારે માટે શિક્ષા સમાયેલી છે.' મેં તેમને ખુલાસો કર્યો: 'બીજાને સુધારવા માટે પહેલાં તમારો સુધાર કરો. તમારી કાયાપલટ કરો. તમે મધુમય બનો એટલે માર્ગની મુશ્કેલી નહીં નડે. મધ તૈયાર થતાં કીડીઓ આપોઆપ આવી પહોંચશે.'

પછી હું તેમને પાસેના સરોવરમાં ખીલેલાં કમળ પાસે લઈ ગયો, ને તેમાં બેઠેલ ભ્રમરને બતાવીને એ જ વાતનું સ્પષ્ટીકરણ કરતાં કહેવા માંડ્યો: 'તમારી તૈયારી થતાં સેવાની ચિંતા નહીં કરવી પડે. સેવા તમારી દ્વારા આપોઆપ થશે.'

તે સમજી ગયા.

* * *

## ૭૨. દૃષ્ટિભેદ

વર્ષાના વાદળ આકાશમાં ગર્જના કરી રહ્યાં હતાં, ત્યારે તે દૂર દેશમાં આવેલા પોતાના પ્રેમીને મળવા નીકળી પડી.

રસ્તામાં તેને એક ફિલસૂફનો મેળાપ થયો. તેણે તેને સલાહ આપી: 'કુમારી, સંસાર મિથ્યા છે, નીરસ છે. માટે બધામાંથી મન પાછું વાળી લઈને તેને તારી અંદર એકાગ્ર કર. તો તને શાંતિ મળશે.'

આગળ જતાં તેને એક પંડિતનો પરિચય થઈ ગયો. તેણે કહ્યું: 'અરે દિવાની, પ્રિયતમ તો તારી પાસે જ છે. તારી અંદર, તારા રોમેરોમમાં રમી રહ્યો છે.'

એક બીજા સ્થળમાં એક કવિની મુલાકાત થઈ. તેણે કહેવા માંડ્યું: 'કલ્પનાની પાંખ પર બેસાડી હું તને રોજ રોજ પ્રિયતમનો મેળાપ કરાવ્યા કરીશ, માટે મારી પાસેથી કવિતાની કળા શીખી લે.'

કુટુંબી ને મિત્રોએ કહ્યું: 'અરે એમ તે કોઈની પાછળ પડાતું હશે ? પરદેશીની વળી પ્રીત શી? આજે છે ને કાલે નથી. તેનો વિશ્વાસ શો?'

પણ સૌનું સાંભળીને તે તો આગળ જ વધતી રહી. પોતાના પ્રેમીના મિત્રની પાસે પહોંચીને તેણે બધી કથા કહી બતાવી, ત્યારે તેણે ઉત્તર આપ્યો: 'પ્રેમીનું દર્શન તું પ્રેમથી કર. તારો પ્રેમ જોઈને મને આનંદ થાય છે. પ્રેમ બધી જ દશામાં પ્રશસ્ય છે.'

ને તે કુમારીએ આનંદમાં આવીને કહેવા માંડ્યું: 'પ્રભુએ જેની અંદર રહીને મને પ્રેમ કર્યો છે, મારા અંતરને જાગૃત કર્યું છે, પ્રભુના તે સ્વરૂપનું દર્શન કરી લઉં ને તેના ચરણમાં મસ્તક નમાની લઉં એટલે હું કૃતાર્થ થાઉં. જીવનમાં મારે બીજી કોઈ ઈચ્છા નથી.'

ને તે પ્રિયતમની પાસે પહોંચી ગઈ.

* * *

## ૭૩. સર્વસમર્પણનો સ્વામી

કેશમાં કબરીવાળી કન્યાએ એકાંત મંદિરમાં પ્રવેશ કર્યો, ને મંદિરના ચોકમાં બેઠેલા પૂજારીના ચરણમાં ફૂલ અર્પણ કરીને ઊભી રહી.

‘કેટલાય વખતથી હું તમને એકાંતમાં મળવાનો લાગ જોતી હતી. મારા સદભાગ્યે આજે મને એ ક્ષણ મળી ગઈ, જેને માટે મારી ચિરકાળની કામના હતી. મારા સર્વસ્વ સાથે તમારી સેવા કરવા હું આવી પહોંચી છું; તમે મારો સ્વીકાર કરો.’

એમ કહીને તે પૂજારીના ચરણમાં પડી, પણ કોઈનેય ના અડવાનો નિયમ કરી ચૂકેલો પૂજારી પાછો હઠ્યો. ત્યારે જરા હતાશ થઈને તે બોલી ઊઠી: ‘શું તમને પ્રેમ કરવામાં પાપ છે? તમને દિલ દેવું એ અપરાધ છે?’

પૂજારીએ કહ્યું: ‘મને પ્રેમ કરવામાં પાપ નથી, પણ મોહ કરવામાં પાપ છે. ને દિલ તો તેને જ દેવા જેવું છે જેણે તેનું દાન કર્યું છે. મને નહિ, હું તો પૂજારી છું. મારે માટે નહિ પણ મારા પ્રભુને માટે સર્વ સમર્પણ કરવું બરાબર છે.’

ને કન્યાનો મોહપડદો તૂટી ગયો. તેના દિલમાં વિવેકનો ઉદય થયો.

* * *

## ૭૪. સાચી શ્રીમંતાઈ

એક મોટા શહેરના ઉપવનમાં જઈને મેં ઉતારો કર્યો, ને ત્યાં થોડા જ વખતમાં મારી ઓળખાણ વધી પડી. પછી તો કહેવું જ શું! માણસોની મુલાકાતો વધવા માંડી. જે આવતા ને ચાહતા તેમને મારા અનુભવ ભંડારમાંથી મેં ખુલ્લે હાથે અનુભવનું દાન દેવા માંડ્યું.

એક પ્રવાસીએ મારી પાસે આવીને પ્રશ્ન કર્યો: 'શું તમે શ્રીમંત છો? મેં શ્રીમંતો ઘણાં જોયા છે, પણ એમ લાગે છે કે તમારી શ્રીમંતાઈ તો સૌથી વધી ગઈ!'

મેં કહ્યું: 'ધનની શ્રીમંતાઈની મને ખબર નથી, તેની ચાહના પણ નથી. એટલે તે વિશે તો હું શું કહી શકું? પણ હા, દિલની શ્રીમંતાઈ મને ગમે છે, ને તેની ઉત્તરોત્તર વૃદ્ધિ કરવાથી શાંતિ મળે છે.'

* * *

## ૭૫. મૃત્યુનો શોક

એક નાનાસરખા શહેરમાં એક દંપતી રહેતાં હતાં. પતિપત્ની બંનેને પરસ્પર પુષ્કળ પ્રેમ હતો. બંનેના ગુરુ એક જ હતા. તેમની પાસેથી દીક્ષા લઈને બંને પ્રભુની પ્રાપ્તિની સાધના કરતા હતા.

એક દિવસ તેમના એક યુવાન પુત્રનું બે દિવસની બિમારી બાદ અચાનક અવસાન થયું, તેથી તેમને ભારે આઘાત થયો, ને તે રડવા માંડ્યાં. વારંવાર તે કલ્પાંત કરતાં કહેતાં કે 'પ્રભુ, અમે એવો શો અપરાધ કર્યો કે અમારે માથે આ ભારે દુઃખ આવી પડ્યું!'

પ્રભુએ એક સવારે તેમને સ્વપ્ન આપીને કહેવા માંડ્યું: 'મારાં બાળકો, હું તો તમને નિર્મમ કરવા, મારામાં વધારે ને વધારે આસક્ત કરવા ને તમારું મંગલ કરવા માંગું છું. મૃત્યુ તમારા જ્ઞાનવૈરાગ્યની કસોટી કરે છે ને તમને જાગ્રત કરે છે ને મારા આશીર્વાદને અભિશાપ માનીને તમે કલ્પાંત કરો છો એ આશ્ચર્ય છે.'

ત્યારે તે પ્રેમાળ પતિપત્નીને જરા શાંતિ થઈ.



* * *

## ૭૬. ચંદ્રોદય

પર્વતની પાછળ ચંદ્રમાનો ઉદય થયો, ને વાદળનું આવરણ ભેદીને તેનો પ્રકાશ થોડીવારમાં બધે ફેલાઈ ગયો. આજુબાજુનો અંધકાર પ્રકાશમાં પલટાઈ ગયો, ને પાસેની નદીનું પાણી તેનું સ્વાગત કરતાં ચમકવા માંડ્યું. એના અંતરમાં આનંદ ફરી વળ્યો.

પાણી પાસે બેઠેલા સંતે જિજ્ઞાસુને શાંત સ્વરમાં કહેવા માંડ્યુંઃ 'અંદરના આવરણને દૂર કરીને પરમાત્માના પ્રેમનો આવી રીતે ઉદય થાય એટલી જ વાર છે. પછી જીવનમાં અશાંતિ ને અંધકાર નહીં રહે. અંધકારને ઠેકાણે પ્રકાશ પ્રકાશ થઈ રહેશે ને શુષ્કતાને ઠેકાણે મધુરતા. આ માટે જ સાધના છે, ધર્મ છે, ને તત્વજ્ઞાન છે.'

* * *

## ૭૭. કામની નિવૃત્તિ

કામવાસનાને વશ કર્યા વિના તું સાચો સંત કેવી રીતે થઈ શકે ને સાધનાની સિદ્ધિ પણ તને કેવી રીતે મળે, તે મારી સમજમાં આવતું નથી. હે સાધક, તે મારી સમજમાં આવતું નથી.

અંગની આકર્ષણ વૃત્તિ ને આસક્તિમાંથી મુક્તિ મેળવ્યા વિના તું સાચું શ્રેય કેવી રીતે સાધી શકે ને પરમાત્માની પ્રાપ્તિ પણ કેવી રીતે કરી શકે, તે મારી સમજમાં આવતું નથી. હે સાધક, તે મારી સમજમાં આવતું નથી.

વાસનાને વશ કરી દે ને અંગની આસક્તિનો ત્યાગ કર. તે વિના તને મુક્તિ, શાંતિ કે પૂર્ણતા કેવી રીતે મળી શકે તે મારી સમજમાં આવતું નથી. હે સાધક, તે મારી સમજમાં આવતું નથી.

તેને માટે અંતરમાં ઈશ્વરના અનુરાગને ઉત્પન્ન કર, વધારે ને વધારે પ્રબળ કર, ને વિવેકી બનીને સંસારમાં વિચરણ કર. તે વિના જીવનની કૃતાર્થતા કેવી રીતે થઈ શકે, તે મારી સમજમાં આવતું નથી. હે સાધક, તે મારી સમજમાં આવતું નથી.

ગુરુનો ઉપદેશ સાંભળીને સાધકે પ્રભુને પ્રાર્થના કરી: ‘પ્રભુ, મારા પર કૃપા કરી દો. કૃપા કરીને મને દર્શન દો ને સ્પર્શ કરો, જેથી મારો નવો અવતાર થાય, ને મારા કામક્રોધના રહ્યાસહ્યા અંકુર પણ ખાખ હો! તમે કૃપા કરો જેથી મારું કામ સહેલું થાય.’

* * *

## ૭૮. દ્વેષનો કાંટો

મોટી ઉંમર સુધી તેનું મન મલિન રહ્યું, ને તેના કહ્યા પ્રમાણે તેણે ના કરવાનાં અનેક કામો કર્યાં. પોતાની પસંદગીની સ્ત્રી સાથે તેણે લગ્ન કર્યું હતું. પણ તેને અંધારામાં રાખીને તેણે બીજી બેત્રણ સ્ત્રી સાથે સંબંધ બાંધ્યો. ધનના નશામાં તે હંમેશા ડૂબેલો રહ્યો પણ તેનું નસીબ સારું હોવાથી તેને એક મહાપુરુષનો પરિચય થયો. તેની પ્રેરણાથી તે ઈશ્વરથી ડરીને ચાલવા માંડ્યો. હવે તે એકાંતમાં રહેવા માંડ્યો, ચિંતન કરવા લાગ્યો, ને અનીતિ ને અશાંતિમાં રમતા માનવોને શાંતિનો સંદેશ સંભળાવવા માંડ્યો. મિત્રો તેની દાઢી જોઈને ખુશ થતા, ને તેને મહાત્માના મીઠા નામથી સંબોધતા.

એક દિવસ તેના જાણવામાં આવ્યું કે તેની અનૈતિક અવસ્થામાં તેની પત્નીએ પણ એક વાર કોઈ પુરુષની સાથે પ્રેમ કર્યો હતો ને સંબંધ બાંધ્યો હતો. તેથી તેને ગુસ્સો ચઢ્યો. તેણે જાહેર કર્યું કેઃ 'મરતી વખતે ને મર્યા પછી પણ મારી પત્ની મને મોં ના બતાવે. હવે મારે ને તેને કાંઈ જ સંબંધ નથી!'

એ જાણીને પેલા મહાપુરુષે તેને પ્રેમથી કહેવા માંડ્યુંઃ 'ભાઈ, તારી યુવાની ભૂલી ગયો કે? દિલને ઉદાર કરીને તેમાંથી દ્વેષના કાંટાને કાઢી નહિ નાખે ત્યાં સુધી બીજા તને મહાત્મા કહેશે, પણ મારી દૃષ્ટિએ તું મહાત્મા કેવી રીતે થઈ શકશે?'

ને તેનો ભૂતકાળ તેની નજર સામે તાજો થયો.

* * *

## ૭૯. ગુલાબ ને ધંતૂરો

ગુલાબ ને ધંતૂરાના બે ફૂલ એક માળીના મઢુલીમાં અકસ્માત્ ભેગા થઈ ગયાં.

ગુલાબે પહેલાં તો ધંતૂરા તરફ જરા અહંકારથી જોવા માંડ્યું ને પછી કહ્યું: 'આજે તને અહીં ક્યાંથી સ્થાન મળ્યું? અહીં તો મારા જેવાં ફોરમવંતા ફૂલોનો જ વાસ હોય છે. તને તો કોઈ સૂંઘતું યે નથી. તારામાં સુવાસ જ ક્યાં છે? મને તો મોટા મોટા કલાકારો પણ માન આપે છે, ને સુંદરીઓ પોતાના શિર પર સજીને ફર્યા કરે છે.'

ધંતૂરાએ પહેલાં તો તેના શબ્દો તરફ ધ્યાન ન આપ્યું. પણ તેનો અહંકાર વધવા માંડ્યો ત્યારે કહેવા માંડ્યું: 'ભાઈ ગુલાબ, રૂપરંગ જૂદાં હોવા છતાં આપણે બંને એક જ જાતિનાં ને એક જ સ્વામીનાં સંતાન છીએ. આપણે પેલા રંગભેદનની નીતિને વળગી રહેનારા માનવોની પેઠે લડવા માગતા નથી. આપણે વેરનું નહીં પણ પ્રેમનું પ્રતીક છીએ. મારામાં સુવાસ નથી એ સાચું પણ તું પોતે જ જોજે કે માળી મને આજે મહાદેવના મસ્તક પર ચઢાવશે. અહંકારીનો અહંકાર દૂર કરવા જ પ્રભુએ કદાચ એવો નિયમ કર્યો હશે. છતાં અફસોસની વાત છે કે તને તારે માટે ગર્વ છે ને મારે માટે નફરત થાય છે.'

* * *

## ૮૦. જ્ઞાન ને સંસાર

સંસારની ઉપેક્ષા કરવાની વૃત્તિ તારામાં કાયમ છે, ને સંસારથી દૂર ને દૂર ભાગવાની તું કોશીશ કરે છે, ત્યાં સુધી તારી સાધના ને સમજ કાચી છે. હે જ્ઞાની, તારી સાધના ને સમજ કાચી છે.

સ્ત્રી ને પુરુષને તું ધિક્કારે છે ને તેમનાથી દૂર રહેવાની કોશિશ કરે છે, ત્યાં સુધી તારી સાધના ને સમજ કાચી છે. હે જ્ઞાની, તારી સાધના ને સમજ કાચી છે.

સાચા જ્ઞાનનો સૂર્યોદય થશે ત્યારે તારો ભેદભાવ દૂર થશે, રાગદ્વેષ મટી જશે, ને અંધારું ટળી જશે. ત્યારે તું જોઈ શકીશ, અનુભવીશ ને કબૂલ કરીશ કે સંસાર સત્ય, શિવ ને સુંદરનું જ સ્વરૂપ છે. પરમાત્માનું જ પ્રતીક છે, ને દેવોના દેવનું મંગલ મંદિર છે. એ અનુભવનો આનંદ તારા અંતરમાં ફરી વળશે, ત્યારે તારું જીવન ને તારી દૃષ્ટિ ધન્ય બનશે.

પ્રેમ ને મંગલનું દર્શન દેનારી એ દૃષ્ટિ ના આવે ત્યાં સુધી તારી સાધના ને તારી સમજ કાચી છે. હે જ્ઞાની, તારી સાધના ને સમજ કાચી છે.

* * *

## ૮૧. સ્વધર્મનું પાલન

અધિક માસમાં જાણીતા તીર્થમાં એક ધર્મસમારંભની યોજના થઈ રહી હતી. મોટાં મોટાં તીર્થોના સંતો ને મહંતો ત્યાં ભેગા થયા હતા. કોઈ ગીતા પર, કોઈ ભાગવત ને રામાયણ પર તો કોઈ યોગ-વસિષ્ઠ પર કથા કરી રહ્યા હતા. હજારોની સંખ્યામાં એકઠા થયેલા લોકો તે સાંભળતા હતા. તેમાં સાધુ પણ સારી સંખ્યામાં હતા.

એક દિવસ એક નવા શ્રોતાએ સમારંભના કથાકારને કહ્યું: 'ગીતા ને યોગવસિષ્ઠ જેવા ગ્રંથોનો સાર શું છે?'

કથાકાર સાધુએ કહ્યું: 'એમાં પૂછવા જેવું શું છે? નાના બાળકને પણ ખબર છે કે તે ગ્રંથો સ્વધર્મના પાલન પર ભાર મૂકે છે.'

શ્રોતાએ કહ્યું: 'ત્યારે મને આશ્ચર્ય થાય છે કે વક્તા ને શ્રોતામાંથી વધારે ભાગના માણસો એ સાર ભૂલી ગયા છે.'

સાધુએ કહ્યું: 'કેમ?'

'કેમ કે વક્તા ને શ્રોતામાં સાધુ સંખ્યા વધારે છે. તેમાંના કોઈએ માતાપિતા તરફના ને કોઈએ સ્ત્રી ને સંતાન તરફના સ્વધર્મની અવગણના કરી છે, એમ તમને નથી લાગતું? ઈશ્વરની પ્રાપ્તિના ધર્મને પણ ભૂલી ગયા છે. સ્વધર્મના પાલનનું વ્રત લઈને જો તે આત્માની ઉન્નતિ કરવાનો પુરૂષાર્થ કરશે તો આ સમારંભ સફળ થશે.'

શ્રોતાએ પોતાની વાતનો ખુલાસો કર્યો તે સાંભળીને સાધુને જરા રોષ થયો, પણ ઉત્તર ના મળ્યો.

* * *

## ૮૨. રૂપકુમારી ને કવિ

કવિનું અંતર અનુરાગથી ભરાઈ ગયું હતું. જ્યારથી તેણે પોતાના મંદિરની મેડી પરથી એ રૂપવતી કુમારીને પાસેના રસ્તા પરથી પસાર થતી જોઈ, ત્યારથી તેનું મન મોહિત થઈ ગયું.

રોજ સવારે રસ્તા પરથી એ રૂપકુમારી પસાર થતી, ને રોજ તેના પસાર થયા પછી કવિ તેનાં પગલાં પર પુષ્પોનો વરસાદ વરસાવતો. આજે તો તેણે પહેલેથી જ પુષ્પો વરસાવી દીધાં; ને કુમારી આવી ત્યારે હિંમત કરીને તેના પર ગુલાબ નાખ્યું. કુમારીએ ઉપર જોયું. એની આંખમાં અમૃત હતું. તેનાથી કવિને સંજીવન મળ્યું. ને વધારે હિંમત કરીને તેણે એક નાનો સરખો પત્ર પણ તેની તરફ રવાના કર્યો. પત્રમાં તેણે કુમારીને પોતાના પ્રેમનો સ્વીકાર કરવા ને પોતાની સાથે પ્રેમ કરવા જણાવ્યું.

બીજે દિવસે કવિએ રૂપકુમારીની ધડકતે હૃદયે રાહ જોઈ. કુમારી આવી પહોંચી ને કવિને એક નાનો સરખો કાગળ આપીને ચાલતી થઈ.

કાગળમાં લખ્યું હતું: 'કિરણની પૂજા કરવાને બદલે જેનું કિરણ છે તેની પૂજા કરો. તેની સુંદરતા ને તેના પ્રકાશનો ખ્યાલ કરીને તેને માટે જ સર્વસમર્પણ કરો, એમ ઈચ્છું છું. હું પણ તેની જ આરાધના કરી રહી છું.'

ને કવિની જીવનકવિતા જાગી ગઈ: તેની હૃદયવીણા વાગી ગઈ.

* * *

## ૮૩. પ્રેમ ને પંડિતાઈ

ચાંદની રાતે સરોવરની નજીકના ઉપવનમાં બે પ્રેમી બેઠાં હતાં: સ્ત્રીની કટિ લગીની લાંબી કેશલટમાં કુસુમની હાર હતી ને આંખમાં સુધા. પુરુષના હાથમાં વીણા હતી. તેમાંથી સ્વર છૂટતા હતા, ને બંને તો શ્રવણમાં મસ્ત બનીને બેઠાં હતાં.

કલાકેક પછી સંગીત શાંત થયું, ને બંને પ્રેમીજનો વાર્તાલાપ કરવાં માંડ્યાં. એટલામાં ત્યાંથી એક પંડિત પસાર થયા. પ્રેમીજનોને જોઈને તે બોલી ઊઠ્યા: ‘અરે બેશરમ પ્રેમીઓ! જે શરીર પર તમને પ્રેમ થયો છે તે શરીર નશ્વર છે તેની તમને ખબર છે? પ્રેમનો આ આલાપ ને રસ પણ નશ્વર છે. આ વિનાશી શરીરમાં તમે કેમ ફસાવ છો ?’

પુરુષે કહ્યું: ‘પ્રેમનો આ રસ ને આલાપ નશ્વર હોય તો પણ અમને અવિનાશી ઈશ્વરની પાસે પહોંચવાની શક્તિ આપનારો છે, માટે જ મંગલ છે. ને આ શરીર ને યૌવન છે ત્યાં સુધી ઠીક છે: નહિ હોય ત્યારે અમે શોક પણ નહિ કરીએ. કેમ કે તેમનામાં નહિ પણ તેમનામાં રહેલી અલૌકિક શક્તિ અમારી આસક્તિ છે.’

* * *

## ૮૪. ત્યાગ અને શાંતિ

શાંતિની ઈચ્છાવાળા સાધકે સદગુરુને કહ્યું: 'પ્રભુ મને શાંતિ ક્યારે મળશે? શાંતિ મેળવવા મારે શું કરવું જોઈએ?'

ગુરુએ કહ્યું: 'ત્યાગ. ત્યાગ વિના શાંતિ ભાગ્યે જ મળી શકે છે.'

'ત્યાગ તો મેં કર્યો છે;' સાધકે ઉત્તર આપ્યો: 'ઘરબારનો ત્યાગ કરીને હું તમારી પાસે આવ્યો છું. વળી મેં વસ્ત્રોનો ને વ્યવહારનો પણ ત્યાગ કર્યો છે. દુર્ગુણ ને મમતાનો ત્યાગ પણ મારાથી બને તેટલો કર્યો છે.'

'તેની વાત હું નથી કરતો:' ગુરુએ ખુલાસો કર્યો: 'હું તો કહું છું કે તું મનનો ત્યાગ કર. મનને તેના મૂળ સ્વરૂપમાં સમાવી દે. શુદ્ધ કરેલું મન તેના મૂળ સ્વરૂપમાં મળી જશે, પછી જે શાંતિ મળશે તે અનેરી ને અસીમ હશે. મનનો એ ત્યાગ તું સાધી લે.'

* * *

## ૮૫. જ્ઞાનીની દૃષ્ટિ

રાજમહેલના રસ્તા પર એક ફૂલવાડી હતી. તેમાં શરદની એક સાંજે સ્ત્રીઓની મંડળી જામી હતી. ફૂવારાની આસપાસ બેઠેલી એ મંડળી સુંદરતા ને પ્રેમના ફૂવારા જેવી દેખાતી હતી.

એ સાંજે હું પણ અચાનક એ ફૂલવાડીમાં પહોંચી ગયો; ત્યારે મેં ત્યાં એક કૌતુક જોયું. એક ડાહ્યો દેખાતો યુવાન ફૂલવાડીના બાંકડા પર બેસીને મંડળીમાંની બે ત્રણ સુંદર કન્યાને એકીટસે જોયા કરતો હતો. તેના હાથમાં ગીતાનો ગ્રંથ જોઈને મેં જ્ઞાનમાર્ગનો મુસાફર માન્યો ને નવાઈથી પૂછ્યું: ‘જ્ઞાનીઓ તો સ્ત્રીમાત્રથી દૂર રહેવાનું કહે છે. છતાં તમે હાથમાં ગીતાનો ગ્રંથ લઈને આ સુંદર સ્ત્રીને જોયા કરો છો તે શું બરાબર છે?’

તેણે મને તરત જ ઉત્તર આપ્યો: ‘ભાઈ, જ્ઞાની સ્ત્રીને જોવાની ના નથી પાડતા પણ સ્ત્રીને વિકારી નજરે જોવાની ના કહે છે. માટે હું તો સ્ત્રીમાત્રને જોયા કરીશ, ધારી ધારીને જોયા કરીશ, તેની મધુરતા ને સુંદરતાને વંદન કરીશ, ને તેનામાં ઈશ્વરની વિરાટ શક્તિનું દર્શન કરીશ. શક્તિના પ્રત્યક્ષ સ્વરૂપ જેવી, પ્રેમ ને મધુરતાની મૂર્તિ જેવી સ્ત્રીને હું નેહની નજરે જોયા કરીશ: આંખ, અંતર ને અંગમાં વિકાર ના ઊઠે એ રીતે જ્યારે જ્યારે વખત મળશે ત્યારે જોયા કરીશ. શક્તિના સાક્ષાત્કારની એ સહેલી સાધનાની ઉપેક્ષા હું કદીપણ ના કરીશ.’

* * *

## ૮૬. સૌંદર્ય ને મોહ

પૂનમની રાતે પોયણી જેવા રૂપાળા શરીરવાળી તે સુકુમારી સરિતાના તટ પર બેઠી હતી. છૂટી પડેલી, સમાધિમાં ડૂબેલી કે વિચારમગ્ન બનેલી હોય તેવી તે દેખાતી હતી. ઘૂંટણ પર માથું મૂકીને બેઠેલી એ સુકુમારી રૂપરૂપના અંબાર જેવી દેખાતી હતીં.

તેને જોઈને એક યુવાનને મોહ થયો. તે તેની પાસે ગયો ને બોલ્યો: 'કુમારી, આમ એકલવાયી બનીને તું શું વિચારે છે? મારા તરફ જો તો ખરી; તને જોવા ને તારી સાથે પ્રેમથી વાત કરવા હું આતુર છું. તને જોઈને હું મોહિત થયો છું.'

કુમારીએ કહ્યું: 'મને જોઈને તમે મોહિત થયા છો પણ હું તો શરીરની નહિ પણ આત્માની ઉપાસિકા છું. રૂપ નહિ પણ ગુણની પૂજારિણી છું. માનવમાં પ્રભુને જોવા ટેવાયેલી છું. મારી સાથે તમને કેમ ગમશે?'

પુરુષે હવે પ્રેમાતુર બનીને બોલવા માંડ્યું: 'હું પણ ગુણનો પૂજારી છું. આત્માનો ઉપાસક છું ને સત્ય, શિવ ને સુંદરનો આરાધક છું. તું રૂપની નહિ પણ ગુણની મૂર્તિ છે. માટે સાચા અર્થમાં સુંદર છે. વળી વિવેકી છે. માટે જ હું તને પસંદ કરું છું. તારું મુખ જોવા ને તારી આંખમાં આંખ મીલાવવા હું આતુર છું; છતાં તું નીચું ઘાલીને કેમ બેઠી છે?'

'કેમ કે મારું શ્રીમુખ જોઈને કેટલાય યુવાનોનો મોહ મરી ગયો છે. તમારું પણ એમ થશે એવો મને ભય રહે છે. માટે તમે રસ્તે પડો, આ પ્રેમાલાપ રહેવા દો, એમ પ્રાર્થું છું.'

યુવાને કહ્યું: 'હું એવો કાચી માટીનો કે ચંચળ નથી. હવે મને વધારે તલસાવવો ઠીક નથી.'

છેવટે એ સુકુમારીએ ઊંચું જોયું. યુવાનને આનંદ થયો. પણ બીજી જ પળે તે અરે, આટલી બધી બેડોળ! કહીને બેહોશ જેવો બનીને નાસવા માંડ્યો. કુમારીનું મુખ અત્યંત મનોહર હતું, પણ તેને નાક ન હતું!

કુમારીએ હસતાં હસતાં ઊઠીને ચાલવા માંડ્યું.

* * *

## ૮૭. દીપક ને બાળક

દીપકનો પ્રકાશ રાત્રીના અંધકારમાં બધે પથરાઈ રહ્યો છે. દિવસે જે કામ સૂરજ કરે છે તે કામ ગરીબ ને અમીરનાં નિવાસસ્થાનોમાં કોઈ પણ પ્રકારના ભેદભાવ વિના તે કરી રહ્યો છે. આમ તો તે બાળક દીપકને રોજ જુએ છે; પણ કોણ જાણે કેમ પણ આજે તેને તેમાં કોઈ વિશેષ મંત્રનું દર્શન થઈ રહ્યું છે.

ગામડાની પોતાની નાની સરખી મઢુલીમાં બેઠેલો એ બાળક દીપકને જોઈને વિચારે છે કે : 'મારું જીવન પણ આ દીપક જેવું થઈ જાય તો? હું પણ બીજાના ઘરમાં આવી રીતે પ્રકાશ પાથરી શકું તો? જીવનને તેજોમય કરીને આ પ્રમાણે સહજ રીતે બીજાને માટે તેનો ઉત્સર્ગ કરી શકું તો?'

ને એ વિચારથી પ્રેરાઈને બાળકે જીવનને ઉજ્જવળ કરવાની ને બીજાની સેવા કરવાની પ્રતિજ્ઞા લીધી. તે રાત્રી તેને માટે બોધરાત્રી થઈ ગઈ.

* * *

## ૮૮. સાચો શ્રીમંત

દૂર દેશના ડાહ્યા રાજાએ એક વાર જાહેર કર્યું કે મારા રાજ્યમાં જે સૌથી શ્રેષ્ઠ શ્રીમંત હશે તેને માન આપવામાં આવશે.

એ જાણીને દેશના ખૂણેખૂણેથી શ્રીમંતો ભેગા થયા. જેમના પર લક્ષ્મીની કૃપા હતી, ને ભાગ્યની અનૂકુળતાથી જે સર્વે પ્રકારની સંપત્તિના સ્વામી થયા હતા, તે રાજાને હાથે માન મેળવવાની મહેચ્છાથી રાજમંદિરમાં એકઠા થયા. જાણે કે મોટો મેળો જામ્યો. કોઈ મોટા પેટવાળા તો કોઈ મોટી ગરદનવાળા. શરાફો ને શ્રીમંતોનો તેમાં પાર ન હતો.

રાજાએ સૌનો સત્કાર કર્યો ને સૌને યોગ્ય સ્થાન સુપ્રત કર્યું. તે પછી નક્કી કરેલા સમયે તે મંત્રીની સાથે શ્રેષ્ઠ ધનવાનની પસંદગી કરવા નીકળ્યો. સભામાં બધે ફરી વળ્યો, પણ તેને કોઈ પસંદ ના પડ્યું.

સભાસ્થાનના દરવાજા પાસે એક સાદા ને સફેદ વસ્ત્રોમાં સજ્જ ખેડૂત ઊભો હતો. ખેતરમાં જતાં તે કુતૂહલવશ સભાને જોવા આવ્યો હતો. રાજાએ તેને પસંદ કર્યો ને તેને બહુમાનનો અધિકારી માન્યો, ત્યારે બધાને નવાઈ લાગી. પણ રાજાએ કહ્યું: 'મારા નિર્ણયને નવાઈની નજરે જોવાની નહિ જરૂર નથી. સાચી શ્રીમંતાઈ ધનમાં નહિ પણ હૃદયમાં ને બાહુ બળમાં વસે છે. શરાફ નહિ પણ આ સાદો ને નિર્દોષ ખેડૂત મારા રાજ્યનો સાચો શ્રીમંત છે, શ્રીમંતનો પ્રતિનિધિ છે.'

* * *

## ૮૯. હીરાનું દાન

પિતાની સંવત્સરીને દિવસે એક દાનેશ્વરીએ દાન કરવા માંડ્યું. તેની ધનિકતા આખા શહેરમાં પ્રખ્યાત હતી. દાન લેવા માટે પંડિતો ને બ્રાહ્મણો, દીન દુઃખી, અશક્ત ને સશક્તનાં ટોળાં આવવા માંડ્યાં. દાનેશ્વરીએ સૌને ખુલ્લે હાથે દાન દેવા માંડ્યું.

પણ પોતાનું સાચું ને ગુપ્ત દાન તો તેણે છુપાવી રાખ્યું હતું. પોતાના પિતાનો પ્રિય હીરો જેની કીમત લાખોની હતી, તે તેણે છુપાવી રાખ્યો હતો. કોઈ કંગાળમાં કંગાળ બ્રાહ્મણને તેનું દાન કરવાની તેની ઈચ્છા હતી.

ને તેવો બ્રાહ્મણ તેને મળી ગયો. મહેલના દરવાજા-પાસે ઊભેલા બ્રાહ્મણના હાથમાં તેણે અત્યંત ઉત્સાહથી તે હીરો મૂકી દીધો.

બ્રાહ્મણ એ જોઈને રડવા માંડ્યો. હીરાને તેણે પાછો સુપ્રત કર્યો. ત્યારે દાનેશ્વરીને નવાઈ લાગી.

બ્રાહ્મણે કહ્યું: 'અરે ભાઈ, મને તેં આટલો બધો દીન, હીન ને કંગાળ માની લીધો? હું બ્રાહ્મણ છું પણ મારા હાથમાં બળ છે. વખાનો માર્યો હું લાકડાં કાપીને ને કથા કરીને પેટ ભરું છું. મને રોજનો રોટલો મળી રહે છે. જ્યાં સુધી મારામાં સંતોષ ને શક્તિ છે ત્યાં સુધી મારે આ હીરાની જરૂર નથી. મને શું તેં આટલો બધો કંગાળ માન્યો?'

ને તે ચાલવા માંડ્યો.

* * *

## ૯૦. મંદિરનો દીવો

નવા જ નિમાયેલા મંદિરના પૂજારીઓમાં એક નાનીસરખી વાત પર વિવાદ થયો. ભગવાનને ઘીનો દીવો કરવો કે તેલનો તે વિશે ચર્ચા ચાલી ને તેણે તકરારનું સ્વરૂપ ધારણ કર્યું. વાત વહેતી વહેતી મંદિરના મહંત પાસે પહોંચી.

મહંતે કહ્યું: 'એમાં વિવાદ કે તકરારનું કારણ જ ક્યાં છે? બધે જે ચાલે છે તે આપણે ત્યાં પણ થવું જોઈએ. દીવો ઘીનો જ થવો જોઈએ. ઘીથી હવા પણ શુદ્ધ થાય છે.'

તે રાતે પૂજારીઓ ને મહંતને સ્વપ્નું આવ્યું. તેમાં તેમને કોઈ પ્રેમાળ સંતના રૂપમાં પ્રભુનું દર્શન થયું. તે રૂપમાં પ્રભુએ તેમને કહ્યું: 'ભાઈઓ, મારે ઘી કે તેલનો નહિ પણ પ્રેમનો દીવો જોઈએ છે. પ્રેમનો દીવો કરીને તમે મારી સાચી પૂજા કરો એમ ઈચ્છું છું.'

પણ પૂજારી ને મહંત પરાપૂર્વથી ચાલતી આવેલી પરિપાટીનો ત્યાગ કરવા તૈયાર ન હતાં.

* * *

## ૯૧. સાચો સંન્યાસ

સંતો ને મહાત્માઓ પણ એને ગુરૂભાવે જોતા. એની પ્રસિદ્ધિ ઘણી ભારે હતી. એ જ્ઞાની સ્ત્રી ઘરમાં રહેતી છતાં મહાન યોગિની હતી. એની કીર્તિ સાંભળીને અમે એને મળવા ગયા.

મારી સાથેના નવયુવાને એનાથી પ્રભાવિત થઈને એને કહ્યું: 'મારો વિચાર સંન્યાસ લેવાનો છેઃ તમે મને આશીર્વાદ આપશો?'

એણે સ્મિત સાથે ઉત્તર આપ્યો: 'અરે, સંન્યાસ તે કોઈ લેવાની વસ્તુ છે? એ તો અંદરથી આપોઆપ આવે છે. જો હું ઘરમાં રહું છું તો પણ અહંતા ને મમતાથી પર છું. મને રાગદ્વેષ નથી.'

ને તે પછી અમારા આશ્ચર્ય વચ્ચે આંખ મીંચીને થોડીવારમાં તે સમાધિસ્થ થઈ ગઈ. એનું શરીર અચલ થઈ ગયું. કલાકેક પછી એ સમાધિમાંથી જાગ્રત થઈને બોલી: 'દેહભાવનો પણ આ રીતે મેં ત્યાગ કર્યો છે. મારો સંન્યાસ પૂરો થયો છે. તું પણ તેવો સંન્યાસ ધારણ કર.'

ને નવયુવાને એના ચરણમાં પ્રણામ કર્યાં.

* * *

## ૯૨. પારસ

એક સાધકે સાધના કરીને દેવતા પાસેથી પારસની પ્રાપ્તિ કરી. ગુરૂની પાસે પહોંચીને તેણે પોતાની સફળતા ને સિદ્ધિની વાત કરી. ત્યારે ગુરૂએ તેની પાસેથી પારસની માંગણી કરી, ને પારસને લઈને તે પાસેના તળાવમાં નાંખી દીધો.

એ જોઈને સાધક નિરાશ થઈ ગયો ને વિલાપ કરવા લાગ્યો.

ગુરૂ તેને લઈને તળાવ પાસે ગયાં, ને તેમાંથી પારસને લઈ લેવાની આજ્ઞા કરી. સાધકે તેમાં હાથ નાખ્યો, તો તેના હાથમાં કેટલાય પારસ આવી ગયાં. તેનો હરખ માયો નહીં.

ગુરૂએ તેમને પણ તળાવમાં નાંખી દીધાં, ત્યારે સાધકે કહ્યું: ‘પ્રભુ, તમારામાં આ શક્તિ ક્યાંથી આવી? હવે તો પારસને બદલે મને એ શક્તિનું જ દાન કરો.’

ગુરૂએ કહ્યું: ‘બેટા, એ શક્તિ તારી અંદર જ છે. તારી અંદરના ચેતન પારસની પ્રાપ્તિ કર, એટલે આ બીજા પારસ તને કોડીની કીંમતનાયે નહીં લાગે. તે તારા મનને મોહિત નહીં કરી શકે.’

ને સાધકને પ્રકાશની પ્રાપ્તિ થઈ.

* * *

## ૯૩. સેવાનો સંદેશ

દિવાળી ને અન્નકૂટના ઉત્સવમાં તું ઉત્સાહ સાથે સામેલ થાય છે, ને ભાતભાતનાં ભોજનનો આનંદ માણે છે; પણ તારી પાસેના જ મકાનમાં, મહોલ્લામાં ને મારગ પર અન્ન વિના બેચેન બનતા ને ભૂખ્યા માણસ, જીવી રહ્યાં છે, તેની તને ખબર છે? તારા ભોજનના થાળને અડકતાં પહેલા તેમને માટે પણ બનતો હિસ્સો અલગ કર, ને તારા અન્નકૂટના અન્નને તેમની પાસે પણ પહોંચતું કર.

દિવાળી ને અન્નકૂટ ને બીજા ઉત્સવમાં તું ઉત્સાહ સાથે શામેલ થાય છે, ને ભાતભાતનાં કપડાં સાથે શરીરની સજાવટ કરીને ફરે છે. પણ તારી પાસેના જ મકાનમાં, મહોલ્લામાં ને મારગ પર શરમને જેમ તેમ કરીને સાચવતાં વસ્ત્રોવાળાં ને વસ્ત્રો વિનાનાં માણસો જીવી રહ્યાં છે. તારા શરીરને સજાવતી વખતે તેમનો પણ વિચાર કર, ને એકાદ વસ્ત્રને તેમની પાસે પણ પહોંચતું કર.

અનાથ ને અપંગ તથા પછાત ને પીડિતની પરિચર્યા કરીને તારા તહેવાર ને સમગ્ર જીવનનો ઉત્સવ કર. સૌમાં રહેલા પ્રભુના પ્રકાશનું દર્શન કરીને સૌને મદદરૂપ થઈને જીવનનો ઉત્સવ કર.

* * *



## ૯૪. ધૂણી

અગ્નિનું સેવન કરનારા એક ધૂણીવાળા વૈરાગી સાધુની પર્ણકુટીએ હું જઈ પહોંચ્યો. કેટલીક વાત પછી તે સાધુએ મને પૂછ્યું: 'શું તમે ધૂણી નથી રાખતા? અગ્નિના સેવનમાં શું તમે નથી માનતા?'

મેં કહ્યું: 'માનું છું કે નહિ તે જૂદી વાત છે. પણ એ સાચું છે કે હું આવી ધૂણી નથી રાખતો.'

તેમણે કહ્યું: 'કેમ?'

મેં કહ્યું: 'તે વાત વિશે ના પૂછો તો સારું. પણ પૂછો જ છો ત્યારે કહું છું કે જેને આવી ધૂણી રાખવી હોય તે ભલે રાખે. મારી આંખ આગળ તો ધૂણી ચાલુ છે, ને તેનો અગ્નિ સદાયે સળગ્યા કરે છે. સંસારના સઘળા પદાર્થો કાળના અગ્નિમાં જલીને ખાખ થઈ જવાના છે: માટે કશામાં મમતા ને આસક્તિ ના કરવી એની યાદ મને કાયમ રહે છે. એનું સૂચન કરનારી ધૂણી મારી આંખ આગળ કાયમ રહે છે.

જેને આવી ધૂણી રાખવી હોય તે ભલે રાખે, પણ મારી ધૂણી તો જુદી છે. તે મને સંદેશ આપે છે કે પ્રેમની એવી ધૂણી પ્રકટ થાય, ને રોમેરોમમાં પ્રકટ થાય, ત્યારે પરમાત્માની પ્રાપ્તિ સહેલી થાય છે. ને વધુમાં તે કહે છે કે અગ્નિની પાસે જેમ જંગલી જનાવર આવતાં નથી, તેમ જ્ઞાન ને પ્રેમનો પવિત્ર પાવક પ્રગટ થાય પછી વિકાર ને વાસનાની ચિંતા રહેતી નથી. સાધક સર્વ પ્રકારે સલામત થાય છે. '

છતાં કહ્યું છે કે જેને આવી ધૂણી રાખવી હોય તે ભલે રાખે, મને તેના તરફ માન છે. તેના રહસ્યને હું સમજી શકું છું, પણ મારી ધૂણી જુદી છે. સર્વસમર્પણના અગ્નિમાં અહંકાર ને મમતાને સ્વાહા કરવાનું કહેનારી મારી ધૂણી જુદી છે.

* * *

## ૯૫. પાપ ને પ્રકાશ

રોજ સાંજે એ સંતપુરુષ રસ્તા પરથી પસાર થતા, ને રોજ સાંજે એ રૂપજીવિની તેમના દર્શનથી પ્રસન્ન થતી. મકાનની ઉપલી બારીમાંથી તે છૂપી રીતે સંતનું દર્શન કરી લેતી.

એક વાર તો તેણે હિંમત કરી. સંતના માર્ગમાં ઊભી રહી ને વંદન કરીને તે બોલી ઉઠી, 'પ્રભુ, મારે ત્યાં પણ પધારશો? મારા ઘરને પણ પાવન કરશો?'

ને સંતે તેની માગણીનો સ્વીકાર કર્યો.

સંતને આસન આપી ને તેમનું પૂજન કરીને તે આંખમાં આંસુ સાથે બોલી ઉઠી : 'પ્રભુ, પાપ કરતાં મેં પાછું વાળીને જોયું નથી, હવે મારું શું થશે?'

સંતે કહ્યું: 'પાપની ચિંતા કરવાથી શું વળશે? આંસુના પ્રવાહમાં પાપની વાસનાને ધોઈ નાખ એટલે તું પાપથી મુક્ત ને પુણ્યશાળી જ છે. હવેથી પાપ ના કરવાનો સંકલ્પ કર. એટલે તું પુણ્યશાળી જ છે.'

ને તે જ વખતે રૂપજીવિનીનો પાપભાર દૂર થઈ ગયો. તેનું જીવન પલટાઈ ગયું.

* * *

## ૯૬. સાચી પૂજા

મંદિરમાં જઈને તું પ્રભુની પ્રતિમાને નમે છે ને પૂજે છે, પરંતુ મંદિરની બહારનાં આ અસંખ્ય સ્વરૂપો પણ પ્રભુનાં જ છે, ને તેમાં પણ પ્રભુ જ પ્રગટી ને રમી રહ્યા છે, એ વાત ભૂલી જાય છે. ત્યાં સુધી તારી પૂજા અધુરી છે. હે પ્રેમી, તારી પૂજા અધુરી છે.

મંદિરમાં જઈને તું પ્રભુની પ્રતિમા પાસે બેસીને ગીત ગાય છે ને પ્રાર્થના કરે છે: પરંતુ મંદિરની બહારનાં આ અસંખ્ય સ્વરૂપો પણ પ્રભુનાં છે, એમ જાણી તેમના પોકારમાં તને પ્રભુનો પ્રેમસ્વર નથી સંભળાતો; ને તેમનાં આંસુ ને આક્રંદ તારા અંતરને નથી અડતાં, ત્યાં સુધી તારી પૂજા અધુરી છે. હે પ્રેમી, તારી પૂજા અધુરી છે.

પ્રભુને તું મંદિરમાં જઈને પૂજે તેની હરકત નથી. પણ તેનું દર્શન દુનિયામાં બધે જ કર. સમસ્ત સંસારને તેનું મંદિર માનીને તેની ભક્તિ કર. ત્યારે જ તારી પૂજા પૂરી થશે. હે પ્રેમી, તારી પૂજા પૂરી થશે.

* * *

## ૯૭. જીવનની તાલીમ

નિરાશ થયેલા શિષ્યે ગુરુ પાસે આવીને ફરિયાદ કરીઃ 'પ્રભુ, કુદરતની લીલા કેવી છે તેની મને ખબર પડતી નથી. પ્રભુનું સ્મરણ ને મનન તો હું સારી રીતે કરું છું. મને કોઈના તરફ રાગદ્વેષ પણ નથી. સૌની અંદર પ્રભુના પ્રકાશનું દર્શન કરવાનો પ્રયાસ પણ હું કરી રહ્યો છું. પરંતુ આશ્ચર્ય તો એ છે કે મિત્રતાનો દાવો કરનારા કાલે મારા દુશ્મન બને છે. જેના તરફ પુષ્કળ પ્રેમ હોય છે તે જ મારા તરફ ઉદાસીન બને છે. ને એકવાર જે મારી પ્રશંસા કરે છે ને મને પૂજે છે, તે થોડા વખત પછી મને નિંદે છે ને વગોવે છે. કુદરતની લીલા કેવી છે તેની મને સમજ પડતી નથી.'

ગુરુએ કહ્યું: 'ઈશ્વરની કૃપા છે કે તારા જીવનમાં એવા પ્રસંગ બન્યા કરે છે. તે વિના તારું હૃદય એક ઈશ્વરને માટે જ કેમ તલપાપડ થાય? ઈશ્વર તને સમજાવે છે કે ક્યાંય પણ પ્રીતિ, મમતા ને આસક્તિ કરવા જેવી નથી. તે તો એક ઈશ્વરમાં જ કરવા જેવી છે. તને કોઈ નિંદે, વગોવે કે શત્રુ માને, તેથી શું? તારા જીવનને તું નિર્મમ ને નિર્વૈર રાખે એટલું પૂરતું છે. એ માટે ઈશ્વર તને તાલીમ આપે છે એમ સમજી લે.'



* * *

## ૯૮. વૃદ્ધ ને યુવાન

મંદિરના પ્રાંગણમાં એક યુવાન બેઠો હતો. એની આંખમાં પ્રભુના પ્રેમનાં આંસુ હતાં. ત્યાંથી પસાર થતા એક વૃદ્ધ પુરુષને તે જોઈને નવાઈ લાગી. તેણે યુવાનની પાસે બેસીને પૂછ્યું: 'આંખમાં આંસુ કેમ છે? આટલી નાની ઉંમરે તારે વળી પ્રભુનો પ્રેમ શું ને ભક્તિ શું?'

યુવાને કહ્યું: 'પ્રેમ ને ભક્તિને ઉંમર સાથે ક્યાં સંબંધ છે? એને તો દિલની સાથે સંબંધ છે. એ તો માનવમાત્રનો ઈજારો છે. તમે મને પ્રશ્ન કરો છો પણ વિચાર તો કરો કે નિર્મળ નીર લઈને વહી જતી નદી એના જ ઘેનમાં મગન બનીને આગળ વધે છે. બગીચાના સુંદર પુષ્પો એને જ માટે પોતાની સુવાસ વહેતી કરે છે. આકાશના તારા એના જ ધ્યાનમાં લીન બને છે. ને એમ સારી સૃષ્ટિ એક માત્ર એને જ પૂજે છે ને પ્રેમ કરે છે, ત્યારે હું તેનાથી વંચિત કેમ રહી શકું?'

વૃદ્ધને જાણી જુવાની મળી.



* * *

## ૯૯. બાળકની બોલી

મારા બેઠકના ઓરડામાં એક તૈલચિત્ર શોભી રહ્યું હતું. તેમાં ભગવાન શંકર ધ્યાનાવસ્થામાં બેઠા હતા, ને ત્રીજું નેત્ર ઊઘાડીને તેમની સમાધિનો ભંગ કરવા આવેલા કામદેવતાઓને ભસ્મીભૂત કરી રહ્યા હતા.

મુલાકાતીને મળવા માટે એ ઓરડામાં મેં પ્રવેશ કર્યો, ત્યારે એક બાળક એ તૈલચિત્ર આગળ ઊભો હતો. તેના હોઠ હાલી રહ્યા હતા, ને તેની આંખમાં આંસુ હતાં.

પાંચેક મિનિટ પછી તેણે મારી તરફ જોયું, ત્યારે મેં તેને રડવાનું કારણ પૂછ્યું. તેણે કરુણ સ્વરમાં કહેવા માંડ્યું: ‘જગતમાં વેર, ઝેર ને દુઃખ વધતાં જાય છે. એને યાદ કરીને હું પ્રભુને પ્રાર્થી રહ્યો છું કે મને પણ આવાં દિવ્યચક્ષુ આપી દો, મારા પર પણ તમારી કૃપા વરસાવો, જેના પ્રભાવથી જગતનાં ઝેરનો નાશ કરીને હું શાંતિ, સુખ ને સમૃદ્ધિની સૃષ્ટિ કરું. નહિ તો પછી તમે પોતે જ તેવી સૃષ્ટિનું નિર્માણ કરી દો.’

બાળકની બોલીમાં નીતરતા ભાવને જોઈને હું સ્તબ્ધ થઈ ગયો.

* * *

## ૧૦૦. લગ્નની સમસ્યા

બાળલગ્નના કટ્ટર વિરોધી પ્રવાસીએ એકાંત આશ્રમમાં એ મહાપુરુષની મુલાકાત લીધી. કેટલીક ઉપયોગી ચર્ચા થયા પછી તેણે એ મોટી ઉંમરના મહાપુરુષને પૂછ્યું: 'તમે લગ્ન નથી કર્યું તેનું કારણ?'

મહાપુરુષે સ્મિત સાથે ઉત્તર આપ્યો, 'તમે બાળલગ્નના વિરોધી છો ને?'

'હા.' પ્રવાસીએ સંમતિ આપી.

'તો પછી હું અવિવાહિત રહ્યો છું તેનું કારણ સહેલાઈથી સમજી જશો. વાત એમ છે કે મારું શરીર મોટું પણ મન હજી બાલ્યાવસ્થામાં જ રહ્યા કરે છે. એ દશામાં લગ્ન કેવી રીતે થઈ શકે? વાસના પણ કેવી રીતે ઊઠી શકે?'

પ્રવાસીને મહાપુરુષની એ ફિલસૂફી જરા નવી લાગી. પણ વાત તેને ગળે ઉતરી ગઈ.

* * *

## ૧૦૧. શુદ્ધિની સાધના

આ પૃથ્વીમાં તું પ્રેમ કરવા આવ્યો છે એ વાતને સદાયે યાદ રાખી લે; તો વેર ને ધિક્કાર તારા દિલમાંથી કાયમને માટે દૂર થઈ જશે. હે સાધક, સહેલાઈથી દૂર થઈ જશે.

આ અવનીને તું વધારે ને વધારે અમૃતમય કરવા આવ્યો છે એ વાતને યાદ રાખી લે; તો વિષ તારા જીવનમાંથી સદાને માટે દૂર થઈ જશે. હે સાધક, સહેલાઈથી દૂર થઈ જશે.

આ પૃથ્વીમાં તું મુક્ત થવા ને મુક્ત કરવા આવ્યો છે એ વાતને સદાય યાદ રાખી લે, તો તારા ને બીજાનાં બંધન સદાને માટે ને સહેલાઈથી દૂર કરી શકાશે ને સૃષ્ટિને માટે આશીર્વાદરૂપ થઈ શકશે. હે સાધક, આશીર્વાદરૂપ થઈ શકશે.

સૃષ્ટિનું આ ઉત્તમ ઉપવન છે ને તેમાં તું કુસુમની કળી થઈને પ્રકટ થયો છે. એ વાતને યાદ રાખ તો હવે એ કળીમાંથી ફૂલ જ બને ને ફૂલ જ ખીલે એ વાતને સહેલાઈથી સમજી શકશે. હે સાધક, સદાને માટે ને સહેલાઈથી સમજી શકશે.

માટે જ કહું છું કે તારા તન, મન ને અંતરને સુવાસિત ને સ્વાદમય થવા દે, ને એમાંથી એવી તો ફોરમ ફેલાવા દે કે સૃષ્ટિ વધારે ને વધારે સુવાસિત બને ને નરકની અંદર પણ સ્વર્ગનો અનેરો આનંદ ઉતરવા માંડે.

* * *

## ૧૦૨. વાણી ને વર્તન

બદરીનાથની યાત્રામાં મુસાફરોની મંડળી માર્ગ પરથી ચાલી રહી હતી. માર્ગમાં કોઈ ગરીબ માણસ પડી રહ્યો હતો. તેના મુખ પર માખો બણબણતી હતી ને તે તદ્દન બેહોશ જેવો મૃત દશામાં પડ્યો હતો.

તેને જોઈને મંડળી આગળ વધી. એટલે એક પંડિતજીએ કહેવા માંડ્યું: 'સાચા બદરીનાથનાં દર્શન આપણને અહિં આ અનાથ માણસમાં થયાં. તેને છોડીને આગળ વધવામાં આપણે આપણા ધર્મને ભૂલી રહ્યા છીએ.'

રાતે બધા સૂઈ રહ્યા ત્યારે તે પંડિતને સ્વપ્ન આવ્યું. તેમાં કોઈ સંતે તેને કહેવા માંડ્યું: 'ભાઈ, મંડળીના બધા સભ્યો પોતાનો ધર્મ ભૂલી ગયા તે તો ધર્મને બરાબર જાણતા ન હતા. પણ પંડિત હોવા છતાં તારા ધર્મનું પાલન તેં કેમ ના કર્યું? તારો દોષ વધારે છે.'

* * *

## ૧૦૩. જીવનનું લક્ષ્ય

શરદની શીતળ સવારે એ મહાપુરુષની મુલાકાત થઈ ગઈ. તેમના નાના શા આશ્રમની ફૂલવાડીમાં ફરતાં ફરતાં મેં તેમને પ્રશ્ન કર્યો: 'તમારા જીવનનું લક્ષ્ય શું છે?'

પાસેના ફૂલને બતાવીને તેમણે કહ્યું: 'કેવું ખીલી ઊઠ્યું છે આ ફૂલ! કેવી છે તેની શોભા! ને કેવી સુમધુર છે તેની સુવાસ! જીવનને એવું જ સુમધુર ને સુવાસિત બનાવવાની મારી મહેચ્છા છે. કહો કે કદીયે ના કરમાતા ફૂલ થવાની મારી અભિલાષા છે. તે માટે આ ફૂલ જેમ ડાળી પર બેઠું છે, તેમ માની મંગલમય ગોદમાં બેસવું જોઈશે, ને તેનાં પવિત્ર કિરણોથી પુલકિત થવું પડશે. આ જ છે મારા જીવનનું લક્ષ્ય: ફૂલ થવું. એની સિદ્ધિ થતાં બીજાને આપોઆપ સુવાસ મળી રહેશે.'

મને એ મહાપુરુષની ફિલસૂફી ગમી ગઈ.

* * *


## ૧૦૪. શિશુની સરળતા

સાગરને કાંઠે મળેલી મેદનીમાં આજે મેં એક અજબ માનવને જોયો. પુસ્તકોના ઢગની વચ્ચે તે બેઠો હતો. એક પંડિત તરીકે તેની ખ્યાતિ હતી. એટલે કુતૂહલથી પ્રેરાઈને લોકો તેને ઘેરી વળ્યા હતા. ભેગા થયેલા માનવ-મહેરામણને તે કહેતો હતો: ‘મારા સમસ્ત જ્ઞાનભંડારને, મારી બધી પંડિતાઈને કોઈ લઈ લો, ને બદલામાં મને શિશુની સરલતા આપો. મારી બધી જ વિદ્યાને કોઈ લઈ લો.’

માણસો એ સાંભળી હસતા હતા; તો કોઈ વિચારમાં પડતા હતા.

એક ડાહ્યા દેખાતા માણસે તેને કહ્યું: ‘ભાઈ, જ્ઞાન વિનાની શિશુની સરલતા લઈને તું શું કરીશ? જ્ઞાનના પરિપાક રૂપે પ્રગટતી સરલતા માટે પ્રભુને પ્રાર્થના કર. તો જ તારા જીવનની સમસ્યા ઉકલી શકશે. એક ઈશ્વર વિના બીજા કોઈનામાં તને સંતોષવાની શક્તિ નથી.’

મને એ ડાહ્યા માનવીની વાત ગમી ગઈ.




* * *

**(સમાપ્ત)**

* * *

**શ્રી યોગેશ્વરજી - એક પરિચય**



**( ૧૫ ઓગષ્ટ ૧૯૨૧ - ૧૮ માર્ચ ૧૯૮૪ )**

ગુજરાતની સાહિત્યરસિક અને અધ્યાત્મપ્રેમી જનતાને શ્રી યોગેશ્વરજીનો પરિચય આપવાનો ન હોય. મા શારદાના ચારુ ચરણે સો કરતાં પણ વધુ ગ્રંથો અર્પણ કરનાર મહાત્મા શ્રી યોગેશ્વરજી વીસમી સદીના ગુજરાતમાં થઈ ગયેલા સમર્થ સંત અને સાહિત્યકાર હતા. સંન્યાસ કે રૂઢિગત ચાલી આવતી ભગવા વસ્ત્રોની પ્રણાલિકાને અનુસર્યા વગર તથા કોઈ દેહધારી ગુરૂની સહાયતા વિના કેવળ મા જગદંબા પર અપ્રતિમ શ્રદ્ધા રાખી, અધ્યાત્મ જગતના સર્વોત્તમ શિખરો સર કરનાર યોગેશ્વરજી બહુમુખી પ્રતિભા ધરાવનાર મહામાનવ હતા.

ઈ.સ. ૧૯૨૧ ની પંદરમી ઓગષ્ટે અમદાવાદના ધોળકા તાલુકાના સરોડા ગામે સાધારણ બ્રાહ્મણ પરિવારમાં જન્મ લેનાર યોગેશ્વરજીએ માત્ર નવ વર્ષની કુમળી વયે પિતાનું છત્ર ગુમાવ્યું હતું. એમને આગળ અભ્યાસ માટે મુંબઈની લેડી નોર્થકોટ ઓર્ફનેજમાં દાખલ કરવામાં આવ્યા હતા. મોહમયી મુંબઈ નગરીના એમના નિવાસ દરમ્યાન પૂર્વના પ્રબળ આધ્યાત્મિક સંસ્કારોના સુપરિણામ સ્વરૂપે એમને મા જગદંબાના દર્શનની લગની લાગી. એકાંત શોધીને ધ્યાનસ્થ થવામાં કે પ્રકૃતિના ખોળે કલાકો સુધી 'મા' ના દર્શન માટે વિરહાતુર પોકારો પાડવામાં એમનો સમય વ્યતીત થવા લાગ્યો. જ્યારે દર્શન અને સંનિધિની ઝંખના અતિ પ્રબળ બની ત્યારે એમણે અભ્યાસનો ત્યાગ કરી ઉચ્ચ સાધના માટે હિમાલય જવાનો નિર્ણય લીધો. એ સમયે એમની વય માત્ર વીસ વરસની હતી.

ઋષિમુનિસેવિત અને પુરાણપ્રસિદ્ધ હિમાલયની પુણ્યભૂમિમાં બે દાયકાથી વધુ નિવાસ કરી એમણે એકાંતિક સાધના દ્વારા પરમાત્માની અનુભૂતિ અને સિદ્ધિપ્રાપ્તિ કરી. હિમાલયવાસ દરમ્યાન એમને મળેલા અનેકવિધ આધ્યાત્મિક અનુભવો, સિદ્ધ અને સમર્થ સંતોના દર્શન-સમાગમ તથા શાસ્ત્રાધ્યયને પરિણામે પ્રાપ્ત થયેલ જ્ઞાન છતાં એમની નમ્રતા, નિરભિમાનતા તથા સાદગી જિજ્ઞાસુઓને પ્રથમ નજરે આકર્ષતી.

સત્ય અને અહિંસાના પૂજારી તથા પ્રાર્થના પર અખૂટ વિશ્વાસ ધરાવનાર મહાત્મા ગાંધીજીને આદર્શ માનનાર શ્રી યોગેશ્વરજીમાં દેશપ્રેમ ઠસોઠસ ભરેલો હતો. આધ્યાત્મિક માર્ગે આગળ વધી દેશ માટે કંઈક કરી છૂટવાની તેમની મનીષા એમના અનેકવિધ સર્જનોમાં પેખી શકાય છે. આજીવન ખાદીના વસ્ત્રો ધારણ કરી

સંસારમાં જળકમળવત્ રહેનાર આ વિરક્ત બ્રહ્મચારી મહાપુરુષે સાધનાકાળ દરમ્યાન અને એ પછી પોતાના જનનીને હંમેશા સાથે રાખ્યા. સાધુ-સંત-સંન્યાસીઓમાં તેઓ માતૃભક્ત મહાત્મા તરીકે પ્રસિદ્ધ હતા.

યોગ, ભક્તિ અને જ્ઞાન - ત્રણેય માર્ગે કુશળતાથી કેડી કંડારનાર શ્રી યોગેશ્વરજીની આમજનતા માટેની સૌથી વિશેષ અને શકવર્તી ઉપલબ્ધિ તેમના વરદ હસ્તે થયેલ વિપુલ સાહિત્યસર્જનને ગણી શકાય. શાળાજીવન દરમ્યાન રોજનીશી લખવાની ટેવથી શરૂ થયેલી તેમની સાહિત્યયાત્રા ક્રમશઃ વિકાસ પામી સોથીયે વધુ ગ્રંથોના સર્જનનું નિમિત્ત બની. એમના બહુપ્રસિદ્ધ સર્જનોમાં તુલસીદાસના રામચરિતમાનસનો સમશ્લોકી પદ્યાનુવાદ; ગાંધીજીની જન્મશતાબ્દી નિમિત્તે એમને અંજલિ આપતા લખાયેલ મહાકાવ્ય 'ગાંધીગૌરવ'; ભગવદ્ ગીતા, ગોપીગીત, શિવમહિમ્નસ્તોત્ર, વિષ્ણુ સહસ્ત્રનામ વિગેરેનો સરળ સમશ્લોકી પદ્યાનુવાદ; અગિયારસો પૃષ્ઠોમાં વિસ્તરેલી એમની સુપ્રસિદ્ધ આત્મકથા 'પ્રકાશના પંથે'; રમણ મહર્ષિના જીવન અને કાર્યો પરનો બેનમુન ગ્રંથ; તથા મહાભારત, રામાયણ, ભાગવત, ઉપનિષદ, બ્રહ્મસૂત્ર, યોગસૂત્ર જેવા ભારતીય સંસ્કૃતિનું પ્રતિનિધિત્વ કરતા અનેકવિધ ગ્રંથો પરની ટિપ્પણીનો સમાવેશ કરી શકાય. તેમની સિદ્ધ કલમે ગુજરાતી સાહિત્યને ચિંતનાત્મક લેખો, પ્રેરણાદાયી પત્રો, ભાવભરપૂર ભજનો, કમનીય કવિતાઓ, મધુરા બાળગીતો, અદભૂત ગદ્યકાવ્યો, સાધકોના પ્રશ્નોનું સમાધાન કરતી આધ્યાત્મિક પ્રશ્નોત્તરીઓ, સંતપુરુષોના જીવનની પ્રેરણાદાયી વાતો, ઉમદા વાર્તાસંગ્રહો, નવલકથાઓ તથા નવલિકાઓ પણ પ્રદાન કરી છે. એમના સર્જનો વિશે ઉડીને આંખે વળગે એવી વાત એ છે કે એમણે કેવળ લખવા ખાતર નથી લખ્યું. એમની રચનાઓ કોરો કલ્પનાવિલાસ નથી પરંતુ એમના અસાધારણ જીવનની અભિનવ અભિવ્યક્તિ છે. એમના વૈવિધ્યસભર અને માતબર સાહિત્યપ્રદાનને હજુ ગુજરાતના સાહિત્યકારોએ અને સાહિત્યરસિક પ્રજાએ યથાર્થ અને પૂર્ણપણે પિછાણવાનો બાકી છે.

શુદ્ધ ગુજરાતી ભાષામાં અસ્ખલિત રીતે વહેતી એમની ઓજસ્વી વાણીમાં થતા જ્ઞાન, યોગ અને ભક્તિના રહસ્યોના ઉદઘાટનનું પાન કરવાનું સૌભાગ્ય ગુજરાતના પ્રમુખ શહેરો ઉપરાંત અમેરિકા, કેનેડા, ઈંગ્લેન્ડ, દક્ષિણ આફ્રિકા તથા ઝાંબિયાના વિવિધ શહેરના શ્રોતાઓને મળ્યું હતું. શ્રી યોગેશ્વરજી સર્વધર્મ સમભાવમાં માનતા હતા તથા નાત, જાત કે સંપ્રદાયના વાડાઓથી પર હતા. એથી જ એમને રામકૃષ્ણ મિશન, થિયોસોફિકલ સોસાયટી, સત્ય સાંઈ સેન્ટર, ડીવાઈન લાઈફ સેન્ટર વિગેરેમાં તથા જૈન, શીખ કે ખ્રિસ્તી ધર્મના ધર્મસ્થાનો કે સ્વામીનારાયણ સંપ્રદાયના મંદિરોમાં એકસમાન આદરથી આમંત્રિત કરવામાં આવતા હતા. ગુજરાત અને ગુજરાત બહારની કોલેજો, સ્કુલો તથા યુનિવર્સીટીમાં એમણે પોતાના અનુભવાત્મક જ્ઞાનનો પ્રસાદ વહેંચ્યો હતો. આજે વિશ્વભરમાં તેમનો બહોળો પ્રસંશક અનુયાયી વર્ગ છે.

ઈ.સ. ૧૯૮૪ ની ૧૮ માર્ચે તેમણે શ્રીમદ્ ભાગવત પર પ્રવચન કરતાં સ્થુલ દેહનો ત્યાગ કર્યો હતો. તેમના અનેકવિધ માનવતાવાદી સત્કાર્યો અને તેમના ઝળહળતા આધ્યાત્મિક વારસાને મા સર્વેશ્વરી સર્વોત્તમ રીતે દીપાવી રહ્યા છે. ઈન્ટરનેટ પર swargarohan.org વેબસાઈટ તથા સ્થુળ રીતે અંબાજીમાં દાંતા રોડ સ્થિત સ્વર્ગારોહણ ધામ એમના મહિમાવંત જીવન અને કાર્યોની યશગાથાને ગાઈ રહ્યું છે.

*

## શ્રી યોગેશ્વરજીનું સાહિત્યિક પ્રદાન

| | |
|---|---|
| **આત્મકથા** | પ્રકાશના પંથે ▪ પ્રકાશના પંથે (સંક્ષિપ્ત) ▪ प्रकाश पथ का यात्री ▪ Steps towards Eternity |
| **અનુવાદ** | રમણ મહર્ષિની સુખદ સંનિધિમાં (In days of great peace) ▪ ભારતના આધ્યાત્મિક રહસ્યની ખોજમાં (A search in secret India) ▪ હિમગીરીમાં યોગી (A hermit in the Himalayas) |
| **ગદ્યકાવ્યો** | અક્ષત ▪ અનંત સૂર ▪ ફૂલવાડી ▪ પરિમલ ▪ સનાતન સંગીત ▪ Tunes unto the infinite |
| **ગીતો** | હિમાલય અમારો ▪ રશ્મિ ▪ બિંદુ ▪ તર્પણ ▪ દ્યુતિ |
| **ચિંતન** | બ્રહ્મસૂત્ર ▪ ગીતાદર્શન ▪ ગીતાનું સંગીત ▪ ગીતા સંદેશ ▪ ગીતા તત્વ વિચાર ▪ જીવન વિકાસના સોપાન ▪ ઈશાવાસ્યોપનિષદ ▪ ઉપનિષદનું અમૃત ▪ ઉપનિષદનો અમર વારસો ▪ પ્રેમભક્તિની પગદંડી (નારદ ભક્તિસૂત્ર) ▪ શ્રીમદ્ ભાગવત ▪ ગોપીપ્રેમ ▪ યોગદર્શન ▪ પતંજલિના યોગસૂત્રો (સંક્ષિપ્ત સૂત્રાર્થ) |
| **ભજનો** | આલાપ ▪ આરતી ▪ અભિપ્સા ▪ પ્રસાદ ▪ સ્વર્ગીય સૂર ▪ તુલસીદલ ▪ સાંઈ સંગીત |
| **મહાકાવ્યો** | રામાયણ દર્શન ▪ શ્રીરામ કથામૃત ▪ કૃષ્ણ રુકમિણી ▪ ગાંધી ગૌરવ ▪ |
| **લેખ** | આરાધના ▪ આત્માની અમૃતવાણી ▪ ચિંતામણી ▪ ધ્યાન સાધના ▪ Essence of Geeta ▪ પ્રભુપ્રાપ્તિનો પંથ ▪ પ્રાર્થના સાધના છે ▪ સાધના ▪ યોગમિમાંસા |
| **જીવનચરિત્ર** | ભગવાન રમણ મહર્ષિ - જીવન અને કાર્ય ▪ મા સર્વેશ્વરી - એક પરિચય ▪ |
| **પદ્યાનુવાદ** | ચંડીપાઠ (દુર્ગાસપ્તશતીસાર) ▪ રામચરિતમાનસ ▪ શિવપાર્વતી પ્રસંગ ▪ સુંદર કાંડ ▪ સરળ ગીતા ▪ શિવમહિમ્નસ્તોત્ર ▪ વૈરાગ્યશતક ▪ વિષ્ણુસહસ્ત્રનામ ▪ ઉપદેશપંચકમ્ ▪ દસ ઉપનિષદ ▪ નારદ ભક્તિસૂત્ર ▪ ચર્પટપંજરિકા સ્તોત્ર ▪ પાતંજલ યોગદર્શન |
| **પ્રવચનો** | અમર જીવન ▪ પાતંજલ યોગદર્શન ▪ કર્મયોગ ▪ આત્મસંયમયોગ ▪ પુરુષોત્તમયોગ |
| **પ્રસંગો** | ધૂપસુગંધ ▪ કળીમાંથી ફૂલ ▪ મહાભારતના મોતી ▪ પરબનાં પાણી ▪ સંતસમાગમ ▪ સત્સંગ ▪ સંત સૌરભ ▪ દિવ્ય અનુભૂતિઓ ▪ શ્રેય અને સાધના ▪ श्रेय और साधना |
| **પ્રવાસ** | તીર્થયાત્રા ▪ ઉત્તર ભારતનાં તીર્થો ▪ સમંદરને પેલે પાર |
| **પત્રો** | હિમાલયનાં પત્રો |
| **પ્રશ્નોત્તરી** | અધ્યાત્મનો અર્ક ▪ ધર્મનો મર્મ ▪ ધર્મનો સાક્ષાત્કાર ▪ ઈશ્વર દર્શન |
| **નવલકથા** | આગ ▪ અગ્નિપરીક્ષા ▪ ગોપીપ્રેમ ▪ કાદવ અને કમળ ▪ કાયાકલ્પ ▪ પરભવની પ્રીત ▪ રક્ષા ▪ સમર્પણ ▪ સ્મૃતિ ▪ પરિક્ષિત ▪ પ્રીત પુરાની ▪ પ્રેમ અને વાસના ▪ રસેશ્વરી ▪ ઉત્તરપથ ▪ યોગાનુયોગ |
| **વાર્તાઓ** | રોશની |
| **નાટક** | રામનું હૃદય |

*